સાલ : ૫ / સિલસિલાવાર નંબર : ૬૦ / શુમારો : ૧૨ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ફુલ પાના - ૧૮

# الهادي
THE GUIDE

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧ ઝીલહજ્જ ૧૪૨૯ હી., ૨૮-૧૧-૨૦૦૮

## –::: શરીઅત, રિસાલત અને વલાયત :::–

**✲ અલ્લાહના નબી એક હકીમે રબ્બાની છે :-**

અલ્લાહતઆલાની તૌહીદ બાદ, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની રિસાલત અને મૌ.અલી (અ.સ.) ની વલાયત હોવી ઝરૂરી છે. અલ્લાહતઆલાની એકોકારી, જે તે ઝમાનમાં એક જ રસૂલ, રસૂલની જગા પર એક જ વસી, વલી, ઈમામ યા દાઈની સમઝ આપે છે. હકીકતમાં રિસાલત, વલાયત અને ઈમામતના મન્સબ (ગાદી) ના સાહબની એકોકારી જ અલ્લાહતઆલાની તૌહીદ અને એકાંકીને સાબિત કરે છે. અલ્લાહતાઆલા દીન અને મઝહબને કાઈમ કરવા મુરસલીન અને અંબિયાને મોકલે છે, જેઓ ઈલાહી કાનૂનને માતહત શરીઅત અને તરીકત તરફ લોગોને દાઅવત દે છે, હલાલ અને હરામને સમઝાવે છે અને ઈન્સાની અખ્લાકની એહમીયત લોગોના દિલોમાં ઉતારે છે. **દુનિયામાં ઇલાહી નિઝામ કાઇમ રહે તેના વાસ્તે અલ્લાહના રસૂલો લોગોને હક્ક અને બાતિલ સમઝાવીને આખેરતની ઝિંદગીની બકાની એહમીયત બતાવે છે.** આ સિલસિલો કાઈમી-દાઈમી, અબદી-અઝલી છે અને કયામતના દિન તક ચાલતો જ રહેશે. કોઈ વક્ત એવો ગુઝરો નથી અને ગુઝરશે નહીં જેમાં આ ઝમીન અલ્લાહના રસૂલ, હુજ્જત યા ઈમામથી ખાલી રહેશે.

દુનિયામાં અનેક રસૂલો આવા, એમાંથી બાઝ નબી હતા, થોડા નાતિક (નવી શરીઅતના) સાહબ અને ચંદ ઉલુલ અઝમના હતા. જેમ નેક આકિલ, સમઝદાર હકીમ-ડૉક્ટર બીમાર શખ્સને થોડી-થોડી મિકદારમાં દવા આપે છે અને બીમારીને દૂર કરે છે તેમ અલ્લાહના દાઈ હિદાયત આપીને ઈલ્મ-અમલના બીમાર શખ્સની જેહાલતની બીમારીને દૂર કરી શિફા અતા કરે છે, આમ અલ્લાહતઆલાએ ઉમ્મતોની હિદાયત વાસ્તે પણ બંદોબસ્ત કીધેલો છે. એમાં ઝર્રા બરાબર પણ શક નથી. આ તરફ ડૉક્ટર જિસ્મની સેહતયાબી-તંદુરસ્તીની દવા આપે છે એ જ મુજબ અલ્લાહના નબીઓ જે બની આદમની જાનોના સાચા ડૉક્ટર-હકીમ, તેઓ ખુદાના ફરમાન અને ઈલ્મો અમલથી લોગોને નફસાની શિફા બખ્શે છે. **હર મરઝની દવા છે, હર ઇબ્તેદાની ઇન્તેહા છે, હર શુરૂઆતનો ઇખ્તેતામ છે.** અલ્લાતઆલાએ આદમ સફીયુલ્લાહને જે શરીઅત બખ્શી તે ઘણી જ સાદી, સહેલ અને આપની ઉમ્મતના લોગોમાં કાબિલે કુબૂલ હતી. તે ઝમાનાના લોગોની ઝેહનીયત-અકલને બંદબેસતી હતી. નબીઓ આવતા રહ્યા, આગલી શરીઅત મંજાતી રહી અને નવી શરીઅતના કાનૂનની તાકીદ થાતી રહી.

**“ અલ-હાદી ” પોતાના તમામ અઝીઝ કારેઈનને દિલી ફરહતો મસર્રત સાથે “ ઈદુલ અઝહા ” ની અને “ યૌમે ઈદે વલાયત ” ની મુબારક બાદી પૈશ કરે છે.**

**✲ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આખિરી નબી બનીને પધારા :-**

આખિરકાર, રસૂલુલ્લાહ ખત્મુલ મુરસલીન (સ.અ.વ.વ.) પધારા. આપના ફઝાઈલ તમામ અંબિયા કરતા બરતર કેમકે, આપ ફખરે મૌજૂદાત છે. આપના અખ્લાક-કિરદાર તમામ કરતા અફઝલ કેમકે, અલ્લાહતઆલાએ આપને આઅલા અખ્લાકના મુજસ્સેમા બનાવેલા છે. નૈક અખ્લાક પર જ આપની નુબૂવતની મોહર હતી. આપ ખત્મુલ મુરસલીન છે, રસૂલોમાં આખિર છે. આપે ફરમાવું કે, મારા બાદ કોઈ નબી નથી. આપના બાદ કોઈ

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**નૈક બખ્ત તે શખ્સ છે જે બીજાનો હાલ જોઈને પોતે તરત પોતાના હાલથી ખબરદાર થઈ જાય.**

*(પેજ નં. ૧ નું બાકી)* ***શરીઅત, રિસાલત અને વલાયત....***

તન્બીહ કરનાર નથી. આપના બાદ કોઈ નવી શરીઅત-રિસાલત લાવનાર નથી. આપની શરીઅત આખરી શરીઅત છે. કોઈ બીજા ઈલાહી ફરમાન આપની વાતને મીટાવનાર નથી. આપ જે લાવા તે બરહક્ક અને આપે જે પહોંચાવું તે બરહક્ક. આપનો ઝમાન જાહેલીયતનો હતો. નાના અને માઅમૂલી બહાનામાં ખૂંરૈઝી અને ઝઘડો કરનાર અરબના બદવી અને મક્કાના અહલે કુરૈશ તરફ આપ નબી તરીકે મબ્ઊસ કરવામાં આવા. બંજર ઝમીનને ગુલઝાર બનાવવાનું કામ આપના વાસ્તે દુશ્વાર હતું. રિયાસત, રિસાલત અને કિયાદતની સમઝ આપવી રેતીલા ઈલાકામાં રહેતા જંગલી, બેઅદબ, ગૈરમોહઝ્ઝબ, ઝનૂની લોગોને દરમિયાન ઘણું જ મુશ્કિલ હતું. પણ અલ્લાહતઆલાએ આપની આમદની પૈશગોઈ આગલા નબીઓની કિતાબોમાં કીધેલી હતી. જે આલિમો હતા, તેઓને આપની આમદનો ઈન્તેઝાર હતો. અલ્લાહતઆલાએ ૨૭ મી રજબ, હિજરતથી ૧૩ વરસ પહેલા, મક્કાના "**ગારે હિરા**" જબલે નૂરમાં આપને મબ્ઊસ કીધા. રિસાલતપનાહીનો તાજ આપને સિપુર્દ થયો. જિબ્રઈલ અમીન વહ્યના ઝરીએ ફરમાન લાવતા ગયા અને આપ લોગોને પહોંચાવતા ગયા.

**⁂ વલાયત તે ઈસ્લામનો મરકઝી હુકમ :-**

પાકીનો હુકમ (રિસાલત) આવો અને આપે લોગોને પહોંચાડો, પણ પાક કેમ થવાય અને કયા પાનીથી થવાય? આ ચીઝનો કાનૂન અને તરીકો આપે લોગોને દરમિયાન પૈશ કીધો. કુરઆની ફરમાનમાં વુઝૂ વાસ્તે પાક થાવાની શરતોમાં ફક્ત ચાર અંગોની જ ઝિકિર છે પણ આપે બીજા ચાર અંગોની પાકીની ઝરૂરત સમઝી અને તેને વુઝૂ ના અરકાનમાં દાખિલ કીધા જે સુન્નતે નબવી બની ગઈ. પાઁચ વક્તની **નમાઝનું** કુરઆની ફરમાન તો આપું પણ અઝાન, ઈકામત, નમાઝના અરકાન, સજદા અને રૂકૂઅની અદબો વગૈરાની આપે લોગોને તાઅલીમ આપી. જેમાં બાઝ ફરઝો હતા અને બાઝ સુન્નતે નબવી બની ગયા. આ જ મુજબ આપે **રોઝા-ઝકાતની** રિસાલતને લોગોમાં પહોંચાવી અને તાકીદન ધ્યાન અપાવીને કુરઆનના અહકામ મુજબ અમલ કરાવડાવો. આપે હિ.૧૦ માં હજ્જે બયતુલ્લાહ પઢી. આ આપની હયાતે પાકની હજ્જતુલ વદાઅ (આખરી હજ્જ) હતી. **હજ્જના** એક-એક રૂકન, મન્સક અને અમલને ઉમ્મતને દરમિયાન અહલે ઈસ્લામમાં પ્રેક્ટીકલી બતાવવા અઝહદ ઝરૂરી હતા. તેથી જે અરકાનની અદાયેગીનો કુરઆને કરીમમાં ઈશારો આવેલો છે, તેને આપે તફસીલથી ડીટેલ વાર લોગોને કરાવડાવા. હવે અલ્લાહતઆલા તરફથી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને **આખિરી રિસાલત** પહોંચાવવાનો વક્ત આવી ગયો, જેને "**ફાઇનલ રેવીલેશન**" કહે છે. આ તે રિસાલત છે કે, હ.આદમ સફીયુલ્લાહ (અ.સ.) મૌ.હાબીલ અને શીસ વાસ્તે પહોંચાવી ગયા, હ.નૂહ નજીયુલ્લાહ (અ.સ.) મૌ.સામ વાસ્તે લોગોને દરમિયાન નસ્સની રિસાલત ઝાહિર કરી ગયા, હ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) મૌ.ઈસ્માઈલ અને ઈસ્હાક વાસ્તે વસાયતના હુકમને પોતાના માનનારાઓમાં સાદિર કરી ગયા, હ.મૂસા કલીમુલ્લાહ (અ.સ.) મૌ.હારૂન અને યૂશઅ બિન નૂનની વલાયતનું ફરમાન પોતાની ઉમ્મતમાં સમઝાવી ગયા, હ.ઈસા રૂહુલ્લાહ (અ.સ.) મૌ.શમ્ઊન અસ-સફાની કાઈમ મકામીની સુન્નત પોતાના મુમેનીનમાં જારી કરી ગયા.

**⁂ દીને ઈસ્લામની રૂહ વલાયતે અલી (અ.સ.) છે :-**

મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બાદ કોઈ નબી નથી. પણ આપની ઔલાદે અત્હર અને ઝુર્રીયતે તૈયેબાહમાં કયામતના દિન તક ઈમામત બાકી છે. રિસાલત ખત્મ થાય છે, પણ રોઝે અઝલથી (આ ખલ્કની ઈબ્તેદાથી) મૌ.કાઈમ (અ.સ.) ના આવવા તક ઈમામત જારીયાહ-સારીયાહ રહે છે. "**લન ફેસામા લહા વલ્લાહો સમીઉન અલીમ**", આમાં કોઈ ઈન્સાન તરફથી તોડ-જોડ હોતી નથી. રિસાલત, ઈમામતનો એક હિસ્સો છે. અલ્લાહતઆલાએ રસૂલને ઉઠાડીને લોગોમાં રિસાલતની પહેચાન કરાવી, તો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ બાદ એ ચીઝ વાજિબ થાય છે કે, આપના આખિરી લમ્હામાં ઈમામતને કાઈમ રાખવા વાસ્તે રિસાલત પછી વસીના દરજાહને આપ કાઈમ કરે. "**સુન્નતલ્લાહિલ લતી કદ ખલત મિન કબ્લે વલન તજિદ લેસુન્નતિલ્લાહે તબદીલા**". રિસાલતના

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**દિલો પર કાટ ચઢે છે જેમ લોખંડ પર કાટ ચઢે છે.**

*(પેજ નં. ૨ નું બાકી)* ***શરીઅત, રિસાલત અને વલાયત....***

તમામ ફરમાનોનો નિચોડ વલાયત અને ઈમામતના સાહબની રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની જગા પર કાઈમ મકામી-તાજપોશી છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને ઈસ્લામના અરકાનની, શરીઅતના ખંભાઓની, ફરીઝતોની, હલાલ-હરામ, જાઇઝ-નાજાઈઝના અહકામની આઅલા અને મઝબૂત ઈમારત તો બનાવી, પણ આ ઈમારત બેજાન હતી, મુરદાર અને અંધારી હતી, જહાઁ તક કે એમાં જાન અને રૂહ ન ફુંકાય. **આ જાન અને રૂહ જ આખિરી ફરીઝત યાઅની વસીની વસાયત, વલીની વલાયત અને ઇમામની ઇમામત છે.**

દીને ઈસ્લામમાં વલીયુલ્લાહની વલાયત અને વસીએ રસૂલની વસાયતનો એ હિસ્સો છે કે, તેની ગૈરમૌજૂદગીમાં દીનદાર બદ્દીન થઈ જાય છે અને એના જિસ્મમાંથી તડપ, હરકત અને ગરમજોશી નાબૂદ થઈ જાય છે. ઈન્સાની જિસ્મ માઁના પેટમાં જે તરહ તબકાવાર પૈદા થાય છે અને તકમીલ પર પહોંચે છે પણ રૂહ બગૈર એ મુરદાર ગણાય છે, એ જ મુજબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ દીને ઈસ્લામના બેજાન ખાકામાં મૌ.અલી (અ.સ.) ની વલાયત-મોહબ્બતને પિરોવી તેને જાનદાર બનાવી દીધું. આ ખત્મુલ મુરસલીનની આખિરી રિસાલત હતી જેના બગૈર દીને ઈસ્લામ અધુરૂં અને કાસિર હતું. આખિરી રિસાલત જ લોગોના ઈમાનની મઝબૂતી વાસ્તે કાફી-શાફી (ફાઈનલ) હતી. **આના બગૈર ઇમાન, ઇસ્લામ અને દીન જ અધૂરૂં રહી જાત.** તેથી બીજી રિસાલતો ફક્ત પહોંચાડવામાં આવી પણ વલાયતની રિસાલત પહોંચાડા બાદ એના અમલ કરવા વાસ્તે મીસાક લેવામાં આવો. કેમકે, આ ગદીરે ખુમ્મની જ જગામાં વલાયતનો રૂકને ખુસૂસી નીભાવવા વાસ્તે ગદર-ધોકો થાવાનો હતો. ઈકરાર અને શહાદત બાદ ઈન્કારનો શયતાન, ઈબ્લીસ જેમ વલીની વલાયતથી ફીરી જાવાનો હતો. તમામ લોગો ફીરી ગયા, પણ આજે હક્કની દાઅવતના વલાયતના લોગો આ બયઅતે ગદીરી પર સાબિત કદમ છે. હમારા કદમ બીજાના બેહકાવામાં આવીને ડગમગા નથી કેમકે, હમારે દરમિયાન દાઅવતની નેઅમતે ઉઝમાનો સિલસિલો નસ-બ-નસ એક નૂર પછી બીજા નૂરમાં જારી છે. આજે હમારા દરમિયાન ગદીરે ખુમ્મની માઅરેફત કરાવનાર દાઈ મૌજૂદ છે. જે ઈમામે હક્કના નાઈબ છે અને અલવી હક્કાનીયતનો તારીખી વાકેઓ બયાન ફરમાવીને મૌ.અલી (અ.સ.) ની વલાયતનું નૂર કાઈમ-દાઈમ રાખે છે. અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "**મા કુન્તા તદરી મલ કિતાબો વલલ ઇમાનો વલાકિન જઅલનાહો નૂરન નહદી બેહી મન નશાઓ મિન એબાદેના વ ઇન્નકા લતહદી એલા સિરાતિમ મુસ્તકીમ**" યાઅની ન્હોતા જાણતા આપ કે શું છે કિતાબ અને ન કે શું છે ઈમાન? પણ હમેં તે કુરઆનને નૂર બનાવા હમારા બંદાઓમાંથી હમેં ચાહીએ એને તે નૂરથી રાહ બતાવીએ અને આપ તો સીધા રસ્તા તરફ લઈ જાવ છો. તે અલ્લાહનો રસ્તો કે, જેના વાસ્તે એ છે કે જે આસ્માનોમાં છે અને એ છે કે જે ઝમીનમાં છે. શું અલ્લાહને જ તરફ તમામ ઊમૂર વલીને જાશે ! ★

---

*(પેજ નં. ૧૦ નું બાકી)* ***એક્ષપ્રેસ હાઈવે....***

હક્કાનીયતની પૂરેપૂરી માઅલૂમાત નથી તો ગુમ્રાહ રસ્તાઓ હઝાર-હઝાર વાર અફસોસની આહ ભરે છે તેના પર ચાલનારાને વાસ્તે, કેમકે તે જાણે છે કે, પોતે બરબાદી-ગુમ્રાહી સિવાય બીજું કઈ આપી શકતો નથી.

મુમેનીન હર વકત સૂરતુલ ફાતેહા પઢે છે, જેમાં "**એહદેનસ્સિરાતલ મુસ્તકીમ**" ની દોઆ કરે છે કે, અય અલ્લાહ, હમને સીધા રસ્તાની હિદાયત આપ. એવો રસ્તો ન બતાવ, જે હમને ગુમ્રાહ કરતો હોય. અલ્લાહતઆલાનો હમેં લાખ-લાખ શુક્ર અદા કરીએ કે, આજે હમેં તે રાહે હક્ક પર છીએ, જે પંજતને પાક (અ.સ.) ની રાહ છે અને પોતાની નજાતને વાસ્તે જેમનો વસીલો તમામ અંબિયાએ કિરામે લીધેલો છે. જેમ આ વસીલાથી અંબિયાની મુશ્કિલ આસાન થઈ તેમ અલ્લાહ હમ ગુનાહગારોની પણ મુશ્કિલાતને આ સબીલે ઈલાહીના સબબ આસાન કરે. "**વલ્લાહો યહદી મંય યશાઓ એલા સિરાતિમ મુસ્તકીમ**", અલ્લાહતઆલા જેને ચાહે એને સિરાતે મુસ્તકીમની હિદાયત બખ્શે. ★

**દુનિયામાંથી હવે બલા અને ફિતનત બાકી રહી ગઈ છે.**

## -::: બયતુલ્લાહ - બયતુલ અમાન :::-

**✲ કાઅબતુલ્લાહની સમઝ અને મૌ.ઈબ્રાહીમ (અ.સ.) :-**

કાઅબતુલ્લાહ મસ્જિદોના ઈમામ છે. તમામ મસ્જિદોના કિબ્લા કાઅબતુલ્લાહ તરફ રૂખ કરે છે. એમાં એક નમાઝ પઢવાનો સવાબ ૧ લાખ ગણો છે. બંદએ ખુદા નમાઝની નિય્યતતો લે મગર કાઅબા તરફ મૂઁહ કરીને ઊભો ન રહે તો એ નમાઝ બાતિલ છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, કોઈ શખ્સે એની ઉમરમાં એક વક્ત બયતુલ્લાહના દીદાર ન કીધા, હજ્જ ન પઢી તો એ યહૂદી અને નસ્રાનીની મૌત મરશે. એટલે કે, મસાજિદના ઈમામને ન પહેચાના તો એની દીને ઈસ્લામ પર મૌત ન થઈ પણ કુફ્રની હાલતમાં મરો. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, મારી ઉમ્મતમાંથી જે વક્ત હજ્જે બયતુલ્લાહ મુકી દેવામાં આવશે તો, એ લોગો તરફ નઝર ઉઠાવીને જોવામાં નહીં આવે. આ ફરમાનમાં સિર્રે ખફી છે, રાઝની વાત છે, જે મુકનારા હોય એ ઈમામુઝઝમાન (અ.સ.) ને માનનારા ન હોય. તેથી તેઓ પર ઈમામુઝઝમાનની લતાફત, મહેરબાની અને કરમની નઝર નહીં રહે. કાઅબતુલ્લાહ, આદમ (અ.સ.) એ બનાવા છે. ઝમીનના ગોલા પર અલ્લાહતઆલાએ કયામતના દિન તક હજ્જ પઢનારાઓ વાસ્તે એવી પાકીઝા, મુકદસ અને સાફ-સુથરી ઝમીનનો ટુકડો પસંદ કીધેલો છે, જહાઁ બેશુમાર લોગો આવી ગયા છે અને આવશે. તેથી હિજાઝમાં મક્કાની આ ઝમીનને શરફ અને ફઝલ બખ્શેલો છે. આ ઝમીન કુર્તે અર્ઝ (ઝમીનના ગોલા) નો આવો ટુકડો છે જે તેનું મરકઝી નુકતુ છે, જેને અલ્લાહતઆલાએ હાજીઓના તવાફ વાસ્તે ઈન્તેખાબ કીધેલી છે. મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહ, ઈસ્માઈલ ઝબીહુલ્લાહ અને આપના બૈરો મૌ.હાજરા (અ.સ.) ને આ વાદીએ મક્કામાં સાથે લઈને પધારા, બંજર ઝમીન હતી, પાનીનું નામો નિશાન નહતું મૌ.ઈસ્માઈલ (અ.સ.) ના પગની એડીની ઠોકરથી આબે ઝમઝમ જારી થયું. વક્ત ગુઝરતા કુવાની શિક્લ ઈખ્તિયાર થઈ. લોગો આવતા ગયા, ત્યાં વસતા ગયા. અલ્લાહના ફરમાન મુજબ બાવાજી અને દિકરાએ કાઅબતુલ્લાહના અરકાનને ઉંચા કીધા. **ખાસ એહતેમામથી હજરે અસ્વદ અલ્લાહતઆલા તરફથી મોકલવામાં આવા.** ઈબ્રાહીમ (અ.સ.) એ તાઅમીરે કાઅબા વક્ત ઊભા રહીને દીવાર ચુનવા વાસ્તે એક મકામ બનાવો, જે મકામે ઈબ્રાહીમ (અ.સ.) થી માઅરૂફ છે અને જે એની અસલી હાલતમાં કાઅબાની દીવારને બિલકુલ નઝદીક હતો, જે ફિત્નાખોરો એ દૂર ધકેલી દીધો. તાઅમીરે કાઅબા પૂરી થઈ, ઈબ્રાહીમ (અ.સ.) એ બારગાહે ઈલાહીમાં મુમેનીનના હક્કમાં દોઆ કીધી.

**✲ ઈમામ (અ.સ.) નું દામન અને કાઅબાનું હરમ :-**

અલ્લાહતઆલા ફરમાવે છે કે, જે કોઈ બયતુલ્લાહના હરમમાં દાખિલ થયો એને અમનો અમાન છે. રસૂલુલ્લાહ બાવાજીને હિ.૮માં મુશ્રિકોએ હજ્જ ન કરવા દીધી અને આપ બિલા તકરાર અને જંગ મદીના પાછા આવી ગયા. ફત્હે મક્કાના વક્ત આપ (સ.અ.વ.વ.) એ ત્રણ મલઊન કાફિરોના ખૂનને કાઅબતુલ્લાહના પડદા નીચે હલાલ ફરમાવેલા હતા. આપે એક વક્ત પૈશગોઈ ફરમાવી હતી કે, કાઅબાનું હરમ એક કુરૈશી જવાનના ખૂનથી રંગાશે. અબ્દુલ્લાહ બિન ઝુબૈરને યઝીદના લશ્કરીઓ પકડવા આવા, એ મસ્જિદે કાઅબામાં છુપાયેલો હતો અને ત્યાં તેનું ખૂન કરવામાં આવું. બનુ ઊમય્યાહના મલઊન બાદશાહોએ કાઅબતુલ્લાહ પર ટોપોથી પત્થરના ગોલા વરસાવા અને તેની હુરમતને પાયમાલ કીધી. મૌ.ઈમામ હુસૈન (અ.સ.), અહલો અયાલ અને કુંબાને લઈને યઝીદી બયઅતને ટાલવા મદીનાથી મક્કા પધારા, મક્કામાં આપને સુકૂનો કરારીયત ન મિલી. તમામ લોગો ઈસ્લામી શહેરો માંથી મનાસિકે હજ્જ અદા કરવા મક્કા તરફ આવતા હતા અને આપે યૌમુત્તરવીયાહના દિન કાઅબતુલ્લાહથી વદાઅ લીધી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)ના શાહઝાદાને કોઈ અમનો અમાન ન મીલું. મિસિરથી ફાતેમી ઈમામો જાન જાવાના ખૌફથી અને બનુ ઊમય્યાહ તેમજ બનુલ અબ્બાસના જાસૂસો ના કાવા-દાવાના ફિતનાથી હજ્જે બયતુલ્લાહ ન્હોતા કરી શકતા. યહાઁ, જે અમાનની વાત થઈ છે એનો મતલબ અગર જિસ્માની અમન, સલામતી અને હિફાઝતની હોય તો ઉપરના વાકેઆ આનાથી બરખિલાફ છે. **યહાઁ, અમાનની વાત**

*(બકીયાહ પેજ નં. ૫ પર)*

**બદકાર શખ્સની ગીબત, ગીબત નથી.**

*(પેજ નં. ૪ નું બાકી)* ***બયતુલ્લાહ-બયતુલ અમાન....***

**ઝમાનાના ઇમામની કનફે રહેમત અને ઝિલ્લે વલાયત છે.** કોઈ કાઅબાને નઝદીક આવો તો, ગોયા કે એ ઈમામુઝઝમાન (અ.સ.) ની હઝરતે આલીયાહમાં આવો. જે જગા પર એના ગુનાહની મગફેરત અને તૌબાથી એની મઆફી-તલાફી થાય છે.

**❊ હાજીઓ અને ગુનાહોની કિસ્મો :-**

ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, હજ્જ કરનારાઓ ત્રણ તરહના છે. આમાં બહેતર નસીબવાલો તે મરદ છે કે, જેના આગલા અને પાછલા સઘલા ગુનાહ મઆફ થઈ જાય, બીજો તે મરદ કે, જેના ફક્ત આગલા ગુનાહ મઆફ થાય અને હજ્જ બાદ નવા અમલ કરે, અને ત્રીજો તે શખ્સ કે જે સઘલા કરતા કમનસીબ છે કે, જેવો આવેલો તેવો પાછો જાય અને એના અહલ-માલમાં ખુશ અને મેહફૂઝ રહે. બીજી એક રિવાયત ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી આજ મફહૂમમાં આવેલી છે. આ બેવે રિવાયત પરથી સાબિત થાય છે કે, હજ્જે બયતુલ્લાહની ગરઝ-સબબ મગફેરત અને તૌબાનો જ છે. મુમેનીન જાણી લે કે, આદમ (અ.સ.)ની તૌબા અને મગફેરત તવાફે કાઅબા અને સફા-મરવાની સઈથી થઈ. મૌ.આદમ અને હવ્વા (અ.સ.) ની પહેચાન બેવેની દોઆના સબબ મૌઝએ અરફાહમાં થઈ અને તે કોઈ શખ્સ મૈદાને અરફાહમાં હાઝિર થાય અને દિલમાં એમ શક લાવે કે, શું એના ગુનાહ મઆફ થયા છે? તો પણ તે ગુનાહગાર છે. હાજીની ગલત સોચ પણ આ આલી મુકદસ મકામમાં એને ગુનાહગાર બનાવી દે છે. તમામ અંબિયા-મુરસલીન જે આદમ (અ.સ.) ના બાદ પધારા તેઓને અલ્લાહતઆલાએ આ પાકીઝા મકામ પર તશરીફ લાવવા, દોઆ-મગફેરતની રાહ હમવાર કરાવવા આ જગા પર ઈમ્કાન કરાવી આપા. અંબિયા (અ.સ.)ના માથા પર તો ઈસમત-બેગુનાહીની ચાદર હોય છે, પણ તેઓ લોગો વાસ્તે મગફેરત ચાહે છે. કાઅબતુલ્લાહની હજ્જને વાસ્તે આવનાર પર વાજિબ છે કે, મગફેરતના મકસદને બરાબર સમઝે અને અદા કરે.

ગુનાહ ત્રણ તરહના છે : (૧) અલ્લાહતઆલા અને બંદાને દરમિયાન (૨) દાઈએ હક્ક, સાહબે મકામ અને એના તાબેઈન માનનારાઓને દરમિયાન (૩) બંદા અને બંદાને દરમિયાન. જે ગુનાહો અલ્લાહ અને એના બંદાને દરમિયાન છે તેની મઆફીને વાસ્તે બંદો ઈબાદત કરે છે, દોઆ કરે છે, મગફેરત ચાહે છે, અલ્લાહના અંબિયા, ઈમામો અને દોઆતોનો વસીલો લે છે, દાઈએ હક્ક જેની માઅરેફત સાથે બંદાના આઅમાલ જોડાયેલા છે તે દાઈ હર વક્ત મુમિન બંદા વાસ્તે દોઆ ગુઝારે છે અને આખિર તો હજ્જના અરકાન જ તેના વાસ્તે મગફેરતનો કાફી નુસ્ખો છે.

જે ગુનાહો અને તલ્ખી બંદો પોતાના મઆશેરા-સમાજના લોગો સાથે કરે છે, તે તમામને મીલીને, મુલાકાત કરીને, મોહબ્બતનો ઈઝહાર કરીને તેનાથી દરગુઝરી ચાહે છે, રિશ્તો સાબિત રહે તેની ઉમ્મીદ રાખે છે અને જે પાક જગાઓની ઝિયારત પર એ જઈ રહ્યો છે, તે સુકૂન સાથે અદા થાય એમ ખ્વાસ્તગાર રહે છે. બંદો આ મૌકા પર કોઈ પણ રિશ્તેદાર, દોસ્ત-બિરાદર સાથે નાઈત્તેફાકીનો બોઝ લઈને હજ્જ પઢવા જાવા ચાહતો નથી.

હવે આખિરમાં હજ્જ વાસ્તે જાનાર મુમિન બંદો હર કોઈ અદના-આઅલાને મીલીને જ જાવાનું ફરઝ સમઝતો હોય તો, દાઈએ હક્ક સૈયેદના સાહબ (ત.ઉ.શ.) તો પોતાના અને તમામ મુમેનીનના સરદારો મુખ્તાર છે. દરજા અને મકામના સાહબ છે, ઝમાનામાં ઈમામુઝઝમાન (અ.સ.) ના નાઈબ છે, ઊલુલ અમ્રની, ઈસ્મતની, રહેમતની ચાદર અલ્લાહતઆલાએ દાઈએ હક્કને ઓઢાવેલી છે. દાઈની મુલાકાત, મોહબ્બત અને બયઅત તમામ મુમેનીનની મુલાકાતને સમાવી લે છે. હજ્જ પહેલા દાઈયુલ્લાહની મુલાકાત કરવી, કદમબોસી કરવી, બયઅત આપવી એ દાઈ અને મુમિન બંદાને દરમિયાન થયેલા ઈમાન અને અમલના તમામ નુકસાનાતને દૂર કરે છે, વલાયત-ઉલ્ફતના રિશ્તાને મઝબૂત કરે છે, ઈમામુઝઝમાન (અ.સ.) સાથેના રૂહાની રાબેતાને નવો કરે છે. જે ઈમામુઝઝમાન (અ.સ.) આલે મોહંમદ (સ.અ.) ની એક ઝિંદા નિશાની છે, જેની હસ્તી કાઅબા અને કિબ્લા સાથે જોડાયેલી છે, મુમેનીન મુખ્લેસીનના ઈમાનના હકીકી કાઅબા છે, હજરે અસ્વદને ચુમવાની હકીકત આપને આપેલા બયઅત સાથે વાબિસ્તા છે. તેથી દાઈએ હક્ક આપ મૌલા (અ.સ.) ના જ ખમીરા, ખુલાસા અને ખાદિમે ખાલિસ છે, જે આપની દાઅવત તરફ મુમેનીનને ઈઝન આપે છે. હજ્જ, તે હજ્જ કહેવાય જ નહી જેમાં બંદો હજ્જ તો પઢે પણ એના અરકાન અને અમલમાં દાઅવતે હક્કની મોહબ્બતનું નૂર ન હોય. મુમિન તેના દીનના ધની અને શરીઅતના સરચશ્મા દાઈએ હક્ક થી ફૈઝ હાસિલ કરીને અહલુલબૈત (અ.સ.) ની શફાઅત અને અલ્લાહતઆલાથી રહેમતનો તલબગાર થઈ શકે છે. અલ્લાહતઆલા હુજ્જાજ મુમેનીનને આ દૌલતે લાકીમતથી માલામાલ કરે. ★

**બેશક બેહતરીન હુસ્નો જમાલ બેહતર અખ્લાક છે.**

## -::: અખ્બાર પુરઅન્વાર :::-

**મદ્રસએ તૈયેબીયાહ**ના ઝૈરે ઈન્તેઝામ ૧૬ ઝિલકાદ ૧૪૨૯, ૧૩/૧૧/૨૦૦૮ જુમેરાતે મસ્જિદે તૈયેબી, આજવા રોડ પર ફજેરે ૮:૦૦ વાગે તિલાવતે કુરઆને કરીમ, નૌહાખ્વાની સાથે મુકદસ મૌલા ૨૯માં સિરાજુમ્મુનીર દાઈએ મુનવ્વર સૈયેદના અલી શમ્સુદ્દીન બિન સૈ.ઈબ્રાહીમ અશ-શહીદ અને ૩૨માં દાઈએ અઝહર, હાદીએ અન્વર સૈયદના ઝિયાઉદ્દીન જીવાભાઈ બિન સૈ.નૂહજી (આ.કુ.) ની સદકલ્લાહ, ઝિક્રા અને ફાતેહાખ્વાની ની મજલિસ આરાસ્તા કરવામાં આવી હતી. તૈયેબી મસ્જિદ ઈલાકાના મુમેનીન વાસ્તે આ પહેલો મૌકો હતો કે, મદ્રસામાં ઝૈરે તાઅલીમ જમાઅતના ૪૦૦ નૌનિહાલો થી ઝિયાદહ આ ફંકશનમાં હાઝિર રહ્યા હતા. આ પ્રોગ્રામની દિલો રૂહ માઝૂનુદાઅવત સૈયેદી હાતિમ ઝકીયુદ્દીન સાહબ (દા.મ.) ની પુરઅસર અને નસીહતઆમૌઝ તકરીર હતી તેમજ મદ્રસાના તાલિબે ઈલ્મોએ બેવે મુકદસ મૌલાની તારીખ પર જે મકાલા-આર્ટીકલ પઢા, તે હતી.

માઝૂનુદાઅવત સૈયેદી સાહબે તમામ તલેબત, ઉસ્તાઝ સાહબો અને ત્યાં હાઝિર ખુસૂસી મુમેનીનને નસીહત ફરમાવી કે, તમેં કોઈ પણ જગા જાવ પણ અપની અલવીયત અને ફાતેમીયત ન ભુલજો. અપની જમાઅત અને અસલીયત દોઆતોથી કાઈમ છે. હમારા આકા શહીદે આઅઝમ સૈ.અલી (આ.કુ.) એ જો પોતાના ખૂનની કુરબાની ન આપી હોત તો આજે હમારી જમાઅત સરસબ્ઝ શાદાબ ખુશહાલ ન હોત. **હમારી જમાઅતની હસ્તીની બુનિયાદ આપ મૌલાની હક્કની હિફાઝત વાસ્તે જાઁફિશાની છે, તેને નઝરઅંદાઝ ન કરજો, પણ મૌલાની ઝિયારત કરી તેમના એહસાનને યાદ કરજો.** આકા સૈ.ઝિયાઉદ્દીન (આ.કુ.) ના દમ પર, ફૈઝો ઈનાયતથી આજે હમેં ૩૧૯ વરસથી વડોદરામાં આબાદ છે, મિસ્લે જન્નત બદરી મોહલ્લાથી ઈમાનના ફૂલ ખિલેલા છે. આજે આ અલવી ગુલિસ્તાન બહિશ્તના કિયારાઓ જેમ મહેકી રહ્યું છે. આ મૌલાની કોશિશ અને કાવિશથી આજે હમેં આ વતને સૈ.અલી (ક.રૂ.) માં રાહત અને કરારીયતની સાઁસો લઈ રહ્યા છે. આપ મૌલાની નસ્લે અત્હરની બરકત છે કે, એક જ ઝમીન પર, એક જ શહેરમાં, એક જ ઈલાકામાં, એક જ દેવડી પર ૧૨ દોઆતે હક્કનો સિલસિલો જારીયાહ છે. હુઝૂરેઆલી સૈયદના સાહબ (ત.ઉ.શ.) આપના હમનસબ, હમનામ છે, જે આપની અઝમત અને શરાફતની યાદ મુમેનીનના દિલોમાં એહયા-ઝિંદા કરી રહ્યા છે.

આપની તકરીરને સાથે Elocution Competition ની તરતીબ આપવામાં આવી જેમાં ૧૩ જેટલા તલેબતને બેવે મુકદસ મૌલા પર મકાલા પઢા. પૂરા હિમ્મત અને હોંસલાથી દિકરા-દિકરીઓ એ પોતાના મઝમૂનને અદા કીધા. જેમાં સૈ.અલી સાહબ અને સૈ.ઝિયાઉદ્દીન સાહબ (ક.રૂ.) ની તારીખ, ખિદમતે દાઅવત, હકીકતે નસ, ઈલ્મો તાઅલીમ, હિજરત, અહવાલે મુમેનીન વગૈરા નુકતઓ પર અશ્આર સાથે રોશની નાખવામાં આવી. તમામનો મકાલો દોઆના આ કલેમાતથી ખાલી ન હતો કે, **"અલ્લાહતઆલા હમારા હાજિતરવાઁ, મુશ્કિલકુશા, હમનામે મુરતઝા સૈયેદના અલી (આ.કુ.) ની કબ્રે અન્વર દોબારહ તાઅમીર થાય.** હમારી નઝરોને આપની તુરબતે પાકથી બરકત મીલે અને જે મલાઈનો આપની કબરની શહાદતની સાઝિશમાં શરીક છે તેઓને અલ્લાહતઆલા અઝાબે અલીમ અને નારે જહીમમાં ગિરફતાર કરે". આ મુકાબલામાં ત્રણ જણાને ઈન્આમથી નવાઝવામાં આવા. મદ્રસાના મોહતમિમ મુલ્લા અમીરૂદ્દીનભાઈ ઝરીવાલા તરફથી ઈન્આમને સાથે જમાઅતના એક સાહબે સખાવત મુલ્લા દિલાવરહુસૈન મોતીવાલા તરફથી પણ નકદ ઈન્આમ પૈશ કરવામાં આવું. બચ્ચાઓમાં ફન્ને ખિતાબતનો ઝૌકો શૌક જોઈને માઝુનુદાઅવતના ફરમાનથી એમ ઈઝહાર કરવામાં આવું કે, મૌલાના ઈમામ હુસૈન સૈયેદુશ્શોહદા (અ.સ.) ની હયાતે તૈયેબાહ અને શહાદતે ઉઝમા પર આ જ મુજબનો પ્રોગ્રામ તૈયાર કરવામાં આવે.

આખિરમાં માઝૂનુદાઅવત સૈયેદી સાહબે જે કલામે ખાસ મુકાસિરૂદાઅવત સૈયેદી હુસૈન મોઈનુદ્દીન સાહબ (રિ.અ.) ની રેહલતે પુરસૌઝ ના વકત તસ્નીફ ફરમાવા હતા, તે કલામ મજલિસમાં પઢાયા, બચ્ચાઓએ નૌહાખ્વાની કીધી અને અહલુલ બૈત (અ.સ.) ની મુસીબત યાદ કરીને મુકાસિર સાહબના ઈન્તેકાલના ગમને તાઝા કરીને ખૂબ માતમ કીધુ. પછી આખિરમાં તમામ હાઝેરીન વાસ્તે નિયાઝનું તઆમો ઈકરામ પૈશ કરવામાં આવું. ★

**નમાઝ અદા કરવું ઘણું ભારી કામ છે.**

## -::: યૌમે બયઅત :::-

## ગદીરે ખુમ્મનો વાકેઓ

**✲ મૌ.અલી (અ.સ.) ને કાઈમ કરવા વાસ્તે ઈલાહી હુકમ :-**

અલ્લાહતઆલાએ નબીયુલ્લાહ મોહંમદ (સ.અ.વ.વ.) પર ફરમાન કીધુ કે, આપના વસી અલી ઈબ્ને અબી તાલિબ સલવાતુલ્લાહે અલયહે પર નસ્સે જલી ફરમાવે. આપની વલાયતને લોગોમાં અલલ એલાન ઝાહિર કરે જેથી કે, જે કોઈ આપની ઉમ્મતમાથી આપની ઝિંદગીમાં આપને નઝદીક હાઝિર હોય તે આવનારી પૌતને આ એલાને વલાયત લફઝે લફઝ પહોંચાડી શકે. આ વાકેઓ આપના મક્કાથી વદાઅ થાવા બાદ ૧૮ મી ઝિલહજ્જ ગદીરે ખુમ્મના મૌકા પર સિત્તેર હઝાર (૭૦,૦૦૦) હુજ્જાજ ને દરમિયાન વાકેઅ થયો. અહલુલ બૈત (અ.સ.) થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, **"અલ્લાહતઆલાએ મારા પર વલાયતની રિસાલત ઉતારી જેનાથી મારી છાતી તંગ થઇ ગઇ"**. હું એ વાતથી ડરવા લાગો કે, લોગો આ મારી વાતને ઝુઠલાવી દેશે. અલ્લાહતઆલાએ ફરમાન કીધુ કે, **"અગર આ પૈગામને તમેં નહીં પહોંચાવો તો હું તમને અઝાબ કરીશ"**. તેથી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ તમામ લોગોને ગદીરે ખુમ્મની જગા પર રોકા.

*મુમિનો હુકમે શરીઅત યાદ રખના ચાહીએ, જો કહે હક્ક કે ઘની વો કામ કરના ચાહીએ,*
*બઢ ન જાએ ઉમ્ર ઉનકી યે રહે હર દમ ખયાલ, જલ્દ અપને બચ્ચોં કા મીસાક લેના ચાહીએ.*

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, અલ્લાહતઆલાએ નમાઝને ફરઝ કીધી પણ એનો તરીકો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ બતાવો અને એની સુન્નતોની તફસીર પણ કીધી. એ મુજબ ઝકાત, રોઝા, અને હજ્જના ફરીઝાને ઉતારા અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ તમામ અરકાનની છણાવટ કીધી. યહાં તક કે, વલાયતનો અમર આવો કે જે કુરઆની આયત **"ઇન્નમા વલીયોકોમુલ્લાહો વ રસૂલોહુ"** માં પિન્હા છે. વલીની વલાયતનું ફરમાન તો નાઝિલ થયું પણ એ વલાયત કઇ તરહ રાખે એની તફસીરને, જે મુજબ નમાઝ, ઝકાત, રોઝા અને હજ્જના ફરઝોમાં આપે કીધી, તે કરવી ઘણી ઝરૂરી હતી. તેથી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો સીનો આ વાતથી તંગ થઈ ગયો. આપ દિલમાં ડર અને ખૌફ મેહસૂસ કરવા લાગા કે, લોગો અલીયુલ મુરતઝા (અ.સ.) ની વલાયતના ઈઝહારની વાત પર દીન થી ફિરી તો નહીં જાય ને ! આપને ઝુઠલાવી તો નહી દે ને ! તેથી અલ્લાહની બારગાહમાં આ અમરની આસાની વાસ્તે દોઆ ગુઝારી. તો અલ્લાહતઆલાએ વહ્ય નાઝિલ કીધી કે, "અય રસૂલ ! લોગોને તમારા રબ તરફથી અલી (અ.સ.) ના બારામાં જે નાઝિલ કરવામાં આવેલું છે તે પહોંચાડી દો. અગર એ મુજબ નહીં કરો તો તમેં મારી કોઈ રિસાલતને ન પહોંચાડી. અલ્લાહતઆલા તમને લોગોના શરથી હિફાઝત અને અમાનમાં રાખશે". અલ્લાહતઆલા સુરએ ઈન્શરાહ માં પણ ફરમાવે છે કે, **"અય મારા રસૂલ ! તમેં જે વક્ત કારે રિસાલતની તબ્લીગથી પરવરી જાઓ તો તમારી જગા પર તમારા કાઇમ મકામને નસબ કરો"**. તેથી આપ પર હઝરત અલી (અ.સ.) ની તાજપોશી કરવાનો અમ્ર ઝરૂરી થઈ ગયો કેમ કે, આપે આપની હજ્જના ખુત્બામાં ફરમાવેલુ કે, અય લોગો! આજે હું આપને સામે હજ્જના અય્યામમાં ઉભેલો છું, આ મંઝરને આઈન્દા સાલ શાયદ આપ ન જોઈ શકો !

*ઝોહદો તકવા કી ઝરૂરત હે બરાએ મીસાક, યાઅની નુકસાન અમલે બદ સે ન પાએ મીસાક,*
*અમલે નૈક કરો બાલ સે બારીક હે યે, કહીં ઝટકા ન લગે તૂટ ન જાએ મીસાક.*

**✲ મૌ.અલી (અ.સ.) વાસ્તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના કલામે શરીફ :-**

ઝૈદ બિન અરકમ રિવાયત કરે છે કે, હમેં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) સાથે હજ્જતુલ વદાઅમાં હતા, તે બાદ હમેં પલટા અને ગદીરે ખુમ્મને નઝદીક આવા. તે યૌમ સખત ગરમીનો હતો. આપ (સ.અ.વ.વ.)એ ઊંટોની તમામ બેઠકને ઝમીન પર ઉતારી અને એક ઊંચું મિમ્બર બનાવું. તેના ઉપર સાયો કીધો અને લોગોમાં મુનાદી ફીરાવી. તે એવું વરસ હતું કે, આપને સાથે હજ્જમાં મુઠ્ઠીભર લોગો સિવાય તમામ મુસ્લેમીન હાઝિર હતા. અંદાઝે

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**અલ્લાહ હરએક કહેનારની ઝબાન પાસે મૌજૂદ છે.**

*(પેજ નં. ૭ નું બાકી)* ***યૌમે બયઅત....***

સિત્તેર હઝારના મજમાઅમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)એ ખુત્બો પઢો અને અલ્લાહની હમ્દો સના બાદ ફરમાવું કે, "અય લોગો ! અલ્લાહતઆલાએ કોઇ પણ નબીને નથી મોકલા પણ એના આગલા નબીની અડધી ઝિંદગી ગુઝરી ગઇ હોય અને હું પણ એ જ મોડ પર છું કે, મારી અલ્લાહતઆલા તરફથી પુકાર થાય અને હું જવાબ દઉં. પણ હું આપને દરમિયાન બે ભારી ચીઝો છોડીને જાઉં છું. જો અગર તમેં એ બેવે ચીઝોને પકડી રાખશો તો હરગિઝ ગુમરાહ નહીં થાઓ, **તે અલ્લાહનો કિતાબ છે અને મારા અહલેબૈત-મારી ઇતરત છે.**" તે બાદ અલીયુલ મુરતઝા (અ.સ.) નો હાથ આપે લીધો અને આપને ઉભા કીધા અને આપે આપના હાથથી અલી (અ.સ.) નો હાથ એટલો ઊંચો કીધો કે, આપની બગલની સુફેદી દેખાઇ આવી. આપે એક અજીબ અંદાઝમાં લોગોને પૂછયું કે, તમારા જાનો કરતાં કોણ ઝિયાદહ લાયક અને અફઝલ છે? લોગોએ જવાબ દીધો કે, અલ્લાહ અને તેના રસૂલ ઝિયાદહ જાણે છે. આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, શું હું એ જાનો માંથી ઝિયાદહ અફઝલ અને બેહતર નથી ? અલ્લાહના આ કૌલ મુતાબિક કે, નબી મુમેનીનના જાનો કરતાં ઝિયાદહ કદ્ર વાલા છે. તમામે જવાબ દીધો કે, અલ્લાહનો કૌલ સચ્ચો છે. આપે હ.અલી (અ.સ.) ના હાથને આસ્માન તરફ બલંદ કરીને ફરમાવું કે, **"જેનો હું મૌલા હતો આજ પછી અલી એના મૌલા છે.** અય પરવરદિગાર ! મોહબ્બત કરજે તું એને કે જે અલીને મોહબ્બત કરે, અદાવત રાખજે તું એનાથી જે અલીનો અદુવે મુબીન હોય. મદદ કરજે તું તે શખ્સને જે અલીને મદદ કરે અને બેબસ અને શરમિંદા કરજે તું એને કે જે અલીને શરમિંદા કરે. જહાઁ અલી જાય એના સાથે હક્કને ફિરાવજે". તમામ લોગોએ આ વાતનો ત્રણ વક્ત ઈકરાર કીધો અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ લોગોના ઈકરાર પર અલ્લાહતઆલાને શાહિદ બનાવા. જે વક્ત આ ફરીઝતે વલાયત અને ફરમાને વસાયત, હુકમે મવદ્દત અને વુજૂબે ઉલ્ફતે અલી (અ.સ.) નો પયામ લોગો તરફ પહોંચી ગયો તો અલ્લાહતઆલા એ કુરઆને કરીમ ની આખરી આયત નાઝિલ કીધી કે, **"આજને દિન મેં તમારા દીનને કામિલ કીધું અને મારી નેઅમતને તમારા પર તમામ કીધી અને ઇસ્લામ દીનને એક ખુશગવાર દીન બનાવી દીધું."**

*ખિરદમંદ કા જાન ઔર માલ મીસાક, નહીં હોને દેતે વો પામાલ મીસાક,*
*યહીં કરતેં હૈ વો દોઆ પૈશે બારી, કે યા રબ દિલા હમકો હર સાલ મીસાક.*

**✲ બયઅત, ઝબાની ઈકરાર પણ દિલી ઈન્કાર :-**

તકમીલે દીનનો આ યૌમ વલાયતે અલી (અ.સ.) ની બયઅતનો યૌમ છે. જેનો ખાસોઆમ મુસ્લેમીને ઈકરાર કીધો અને મકબૂલીયતની મહોર મારી. કયામતને દિન અલ્લાહતઆલા આ નેઅમત નો સવાલ કરનાર છે. ઝાહિરના લોગો આ નેઅમતને વાલેદૈન, ઔલાદ, બૈરો, જમન, પાની અને દુનિયાની રાહતો-આરામના માઅનામાં લે છે. જ્યારે અલ્લાહતઆલાએ આ તમામ નેઅમતોને બંદાઓ વાસ્તે મુબાહ કીધી છે - મુસલમાન હોય યા કાફિર હોય- તમામ ને એક જેવી કોઈ ભેદભાવ બગૈર આ નેઅમતોને આપેલી છે. જે નેઅમતો ઈન્સાની એહસાસાતથી અને અંગોથી માઅલૂમ પડે છે. કયામતના દિન એની પૂછતાછ કરવાની હરગિઝ ઝરૂરત રહેતી નથી. સવાલ તો એ નેઅમતનો થાય, જે નેઅમત દેખાતી ન હોય પણ અકલથી માઅલૂમ થાય, જે નેઅમત ના મીલા બાદ પણ લોગો એનો ઈન્કાર કરે. ઈકરાર કીધા બાદ તેમજ અલ્લાહને હાઝિર રાખી શાહિદી દીધા બાદ પણ કુફ્ર પર ઉતરી જાય. અલ્લાહતબારક વ તઆલા લોગોના દિલોથી વાકિફ હતો કે, લોગો ને આ અમાનત આપા બાદ પણ એમાં ખયાનત કરશે. તેથી જ પોતાની તાઅત સાથે એના રસૂલ (સ.અ.વ.વ.) અને ઊલિલ અમરની તાઅતને જોડી દીધી. સુરએ શુરાની ૫૨-૫૩ આયતમાં અને સુરએ ઝોમર ની ૨૨-૨૩-૨૪ મી આયતમાં અલ્લાહે દિલોની આ કૈફીયતને વાઝેહ કીધી છે. આ હુકમ અલ્લાહનો હુકમ હતો અને તે કોઈ શખ્સ અલ્લાહના અને એના રસૂલ (સ.અ.વ.વ.) ની નાફરમાની કરે તે ખુલ્લી ગુમ્રાહી માં છે. રિવાયત આવેલી છે કે, નબીયુલ્લાહ (સ.અ.વ.વ.) એ હ.અલી (અ.સ.) વાસ્તે હઝારો મુસ્લેમીનની હાઝરીમાં તે દીન બયઅત અને

*(બકીયાહ પેજ નં. ૯ પર)*

**તમામ કરતા કમબખ્ત તે શખ્સ છે જેના પર દુનિયાની મોહતાજગી અને આખેરતનો અઝાબ એક સાથે આવે.**

*(પેજ નં. ૮ નું બાકી)* ***યૌમે બયઅત....***

મીસાક લીધો, તો ઈબ્ને ખત્તાબે કીધું કે, **"અય અબલ હસન ! બખ્ખિન બખ્ખિન, આપ આજે મારા અને તમામ મુમેનીનના મૌલા થઇ ગયા"**. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની રેહલત બાદ આ ઈબ્ને ખત્તાબ, મૌલાના અલી (અ.સ.) ને આપેલી બયઅત અને આપની વસાયતથી ખિલાફ થઈ ગયો. આવા તો કેટલા કાલા દિલવાલા ગદીર પર હતા, જેના દિલોમાં મૌલાના અલી (અ.સ.) ની કાઈમ મકામીનું નૂર દાખિલ ન થયું અને ઈન્કારે વલાયતની હાલતમાં જ તેઓ હલાક થયા.

*હે યહી અલ્લાહ કી રહેમત કા ચમન, દેખ લો હક્ક હે હિદાયત કા ચમન,*
*હશ્ર તક ખિલતે રહેંગે ઈસમેં ફૂલ, ખુશ્બૂ ફેલાએગા દાઅવત કા ચમન.*

દોઆતે અકરમીન આપની તારીખની કિતાબોમાં તેહરીર ફરમાવે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના મકામે શરીફમાં ઝિયાદહથી ઝિયાદહ હક્કદાર અલી અમીરૂલ મુમેનીન હતા. **"વનઝિર અશીરતકલ અકરબીન"** ના વાકેઆથી ૧૧ હિ. તક એમ કુલ ૨૩ સાલ આપ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ભાઈ, વઝીર, વલી અને શાહિદ રહ્યા. આ વલાયત આપ અને આપની ઔલાદે અતહરને વાસ્તે સાબિત અને ખાસ છે. જે અદાવત અને કિના ના લોગો છે તેઓએ રિસાલતના શરૂઆતના વરસોમાં જે મુજબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ફઝલનો ઈન્કાર કીધો હતો, તે જ મુજબ હ.અલી (અ.સ.) ની વલાયતનો ઈન્કાર કરી બીજાઓને શરીક કરી કીધા. હકીકી મુલ્હિદ અને મુશ્રિક થયા. આ ગુમ્રાહ ગિરોહમાંથી હસન બસરી અને ઉન્સ બિન માલિક જેવા પણ હતા, જે દેખાવ પુરતા જ ઈમાનદાર હતા. હસન બસરી અહલુલ બૈત (અ.સ.) ની ફઝીલતો જાણતો હતો, પણ ગદીરે ખુમ્મની સચ્ચાઈ અને મૌ.અલી વાસ્તે રસૂલે કરીમના કલામને લોગોથી છુપાવા. આ અદાવતના સબબ **અલ્લાહતઆલાએ એને બલામાં મુબ્તેલા કીધો અને એ કોઢની શદીદ બીમારીમાં હલાક થયો.** આવી જ હાલત ઉન્સ બિન માલિકની થઈ. જેએ પોતાની આઁખથી મિમ્બરે આલી પર નબી-વસી, સૂરજ-ચાંદનો મંઝર જોયો હતો મગર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ બાદ એનું દિલ અંધુ થઈ ગયું. અલ્લાહતઆલાએ અદાવતે અલી (અ.સ.) ના લીધે એવો અઝાબ નાઝિલ કીધો કે, **એની આઁખોની રોશની ચાલી ગઇ અને લાચારીની હાલતમાં એના અય્યામ પૂરા થયા.**

*રખો મઝ્બૂત હર એક વક્ત હર એક આઁ મીસાક, સાફ ઈકરાર હો ઝાહિર હો કે પિન્હાઁ મીસાક,*
*રખતે હૈ ઈસકો હરએક દમ બદિલો જાઁ મેહફૂઝ, અપના લે લેતેં હૈ જબ સાહબે ઈમાઁ મીસાક.*

હઝારો હાઝેરીનની ગિનતીમાંથી જેઓ આ વલાયતની નેઅમત અને બયઅત પર કાઈમો દાઈમ રહ્યા, તે આપના બાર હુજ્જતો હતા. અલ્લાહતઆલાએ હમોને પણ અલીયુલ મુરતઝા (અ.સ.) ની વસાયત અને મૌ.હુસૈન શહીદે કરબલા (અ.સ.) ની ઈમામત અને મવદ્દતની નેઅમત આપેલી છે. જે હમારા વાસ્તે ૧૪૦૦ વરસ ગુઝરા બાદ પણ ઈમાન બિલ ગૈબ છે. એ તારીખે યૌમે મશ્હૂદ અને બયઅતે મઅહૂદમાં ભલે હમેં હાઝિર નહોતા, પણ હમારા દિલમાં આજે એ વાકેઆનું યકીન તરો તાઝા છે. આપના શાહઝાદા ઈમામે ઝમાના (અ.સ.), જેનું પડોશપણ-જિવાર જ હમારા વાસ્તે હરમે આમિન (અમાનતનું મકામ) અને હઝીરએ કુદસ (રૂહાની કુદસાની દરજા) છે, જે આજે પરદામાં વસાયત અને શફાઅતના વારિસ છે. એના નાઈબ સૈયદના વ મૌલાના તૈયબ ઝિયાઉદ્દીન (ત.ઉ.શ.) સિરાતે મુસ્તકીમ અને રાહે નજાતને વાસ્તે હમારા ઉમ્દા વસીલા અને વાસ્તા છે. જેના સબબ નેઅમતે વલાયતે અલી (અ.સ) ના પુર લુત્ફ અને લઝીઝ સમર-ફલ મુમેનીન આ દુનિયામાં લઈ રહ્યા છે. જેને અલ્લાહતઆલા કાઈમો દાઈમ રાખે.

- આમીન યા રબ્બલ આલમીન.

*મીસાક સે હી હોતી હે હર તરહ બેહતરી, સીખલાતી હે યે કૌમ કે સરવર કી પૈરવી,*
*યે અહદે પાક રિશ્તા હે જો ઈસ જહાન મેં, હર શોઅબએ હયાત મેં કરતી હે રેહબરી.* ★

**અલ્લાહ અગર કોઈને નેઅમત આપે છે તો એ ચાહે છે કે તે નેઅમતના અસરને એ શખ્સ પર જોઈ.**

# -::: એક્ષપ્રેસ હાઈવે :::-

એક્ષપ્રેસ હાઇવેની વાત જ કઇ અલગ હોય છે. હવે મુસાફિરોને ચાલુ સ્ટેટ હાઇવે ગમતો નથી. સાંકડો, આડો-અવલો, ખાડા-ખાબોચીયા વાલો, ભીડભાડ વાલો, ગામડાઓની ગલીઓ વાલો, ધીમી રફતાર વાલો સ્ટેટ હાઇવે લોગોના દિમાગ પરથી ઉતરી ગયો છે. ઝમાનો સુપર સ્પીડનો છે, મંઝિલને જલ્દીથી હાસિલ કરવાનો છે, વકતને બરબાદ કીધા વગર મકસદને પૂરો કરવાનો છે. જે વકતથી **મોબાઇલની દુનિયાના** દરવાઝા ખુલા છે, તે વકતથી ઈન્સાનની મોબીલીટી અને કામકાજની રફતાર પણ ન વિચારી શકાય એ મુજબ વધી ગઇ છે.

આજે આપણે જોઇએ છીએ કે, પાઁચ-સાત વરસ પહેલા જે વડોદરા-અહમદાબાદના ફાસલાને તય કરવામાં અઢીથી ત્રણ કલાક લાગતા હતા, તે ફાસલાને આજે હમેં એક્ષપ્રેસ હાઈવેના ઝરીએ ફકત એક કલાકમાં તય કરી લઇએ છીએ. આ હાઇવેની જેટલી વધારે સ્પીડ લીમીટ વધારે છે એટલા એના પર વાહન ચલાવવાના કાનૂન પણ એવા જ સખત છે. તમેં કોઇ એક જગા પરથી દાખિલ (entry) થયા તો જ્યાં એની બીજી નીકલવાની જગા (exit) હોય ત્યાંથી જ તમારૂં વાહન નીકલી શકે. રોડને આસપાસ ફેન્સિંગ હોય છે અને આવવા-જાવાના રસ્તાને વચમાં ડીવાઇડર હોય છે, એટલે U-turn લઇને પાછા આવવું યા વચમાંથી જ રસ્તો છોડીને બાહર નીકલવાનો કોઇ ઈમ્કાન રહેતો જ નથી. જેટલા બીજા રસ્તાઓ, જે હાઇવે પર આવીને મીલે છે તેના વાસ્તે ઓવર બ્રીજ બનાવાય છે જેથી હાઇવે પર ચાલનાર વાહનની સ્પીડમાં કોઇ રૂકાવટ આવે નહીં. તમેં જો તમારી ગાડી વાસ્તે રસ્તાનો કોઇ એક પટ્ટો લીધો હોય તો તેને અચાનક બદલી શકાય નહીં, પાછલ આવનાર વાહનો પર નઝર રાખી, ચીવટથી, ચોકન્ના રહીને પટ્ટો બદલી શકાય. તમને તમારા વાહનને તેઝ-રફતારથી ચલાવવું પડે અને સ્ટેરીંગ પર બરાબર કન્ટ્રોલ રાખવો પડે.

આ એક્ષપ્રેસ હાઈવેના કાનૂન અને તેના ફાયદાની ઝિક્ર હમેં આમ જ નથી કરતા ! પણ હમારા નઝદીક **એક રૂહાની એક્ષપ્રેસ હાઇવે છે, જેની એન્ટ્રી દાઇયુલ્લાહની મોહબ્બતથી છે અને જેનું બાહર નીકલવું જન્નતમાં છે.** આ એક્ષપ્રેસ હાઈવેને અપને સિરાતે મુસ્તકીમ કહી શકીએ છીએ જેના આખરી એન્જીનીયર મુશ્કિલકુશા અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) છે. આ સિરાતે હક્ક - સબીલુલ્લાહ નો માદ્દો - મટીરીયલ અલ્લાહ તરફથી છે અને તેની બુનિયાદ મુકનાર અબુલ બશર આદમ સફીયુલ્લાહ (અ.સ.) છે અને તેને પૂરો કરનાર સૈયેદુલ અંબિયા મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) છે. જેમ એક્ષપ્રેસ હાઈવેને બનાવવાની ઝિમ્મેદારી ફકત સરકારની હોય છે અને તેની સલામતી, ખૂબસૂરતી, દેખરેખ અને બાસુકૂન સફર વાસ્તે ટોલટેક્ષ ભરવો પડે છે, તે જ મુજબ આ સિરાતે હક્કની બિના છે. જેના વાસ્તે ઈલાહી સરકાર છે અને તેના પર ચાલનાર મુમેનીનના જાનો માલની હિફાઝત વાસ્તે દીનના હુકૂક અને વાજેબાતની અદાયેગી કરવી પડે છે.

રબ્બુલ આલમીન આ સિરાતના કારસાઝ છે અને તેને કાઈમ રાખવાની ઝિમ્મેદારી પણ એના હાથમાં છે. આ દુનિયામાં અલ્લાહનું મોં બાકી રહેશે, એની ઝિક્ર બાકી રહેશે, એનું દીન બાકી રહેશે, એના કલામ બાકી રહેશે. આ તમામનું અસલ સિરાત જ છે જેની હિફાઝત વાસ્તે ઈમામો અને દોઆત આવા અને જેમ કોઇ પણ રસ્તા પર ડ્રાઇવરની હિદાયત વાસ્તે કિલોમીટરના આંકડાવાલા પત્થરો, ટર્નના પાટીયા, હોર્ન, ઢલાણ, વગેરેની નિશાનીઓ મુકવામાં આવે છે તેમ શરીઅતના આ હાઇવે પર હર હાદી અને દાઇએ દીને ઈલાહીને સમઝાવવા વાસ્તે હલાલો હરામની ખુલ્લી નિશાનીઓ બતાવેલી છે.

આ રસ્તો જેને ઈખ્તિયાર કરવો હોય એ કરી શકે છે પણ જો એ હિદાયતના સાઇનબોર્ડ મુજબ નહીં ચાલે તો એ હરગિઝ મંઝિલ તક નહીં પહોંચી શકે. આ રસ્તા પર ન કોઇને સાથે ટક્કર થાવાનો ડર છે, ન લૂઁટાઇ જાવાનો ડર છે, ના U-turn લઇ શકાય છે, ન વચમાંથી નીકલી શકાય છે, ન કોઇ ઝબરદસ્તી છે, ન વાઁકાશ છે, ન રૂકાવટ છે. **બસ, સાચો-સીધો-સાફ રસ્તો છે, જેમાં દાખિલ થાનારને મંઝિલે જન્નત બિલા શક હાસિલ થાનાર છે.** બીજા બધા ગામડાવાલા, શક-શુબેહવાલા, ખોટા, ગુમ્રાહ રસ્તાઓ પર એ જ જાશે જેને આ જન્નતી રસ્તાની

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**ઝમીન, અહલે ઈમાન વાસ્તે મસ્જિદ છે અને તેની માટી પાક થાવાનો ઝરીઓ છે.**

## -::: મદીનતુલ મસાઈલ :::-

## : બયઅતે ઈમામુઝ્ઝમાન (અ.સ.) - મીસાક :

**સવાલ-૧ : મીસાકની હકીકત અને માઅના શું છે ?**

**જવાબ** : મીસાક યાઅની બયઅત, અહદ, વાઅદો આપવો, ઝબાન આપવી યા ઈકરાર કરવો થાય છે. મીસાકનો લફ્ઝ ખુસૂસી તૌર પર દીન અને મઝહબના અકીદાના બારામાં ઝબાની-દિલી ઈકરાર અને અમલ સાથે તઅલ્લુક રાખે છે. દુન્યવી વેહવારમાં જે કૌલ-કરાર થાય છે એને આમ સમઝમાં વાઅદો-મીઆદ કહેવામાં આવે છે, પણ ગૈબની ચીઝો પર ઈમાન-યકીન લાવીને શરીઅતના ઢાંચામાં રહીને અમલ બજાવીને ઝિંદગી ગુઝારવાનો કૌલ ઝમાનાના દાઈને આપવો એ મીસાક છે. મીસાકમાં, મીસાક લેનાર સાહબનો મરતબો આઅલા હોય છે અને મીસાક આપનારનો મરતબો અદના હોય છે.

*તુઝસે મીસાક હે મીસાક કા હાસિલ તું હે, અંબિયા જિસ પે પહોંચતેં હૈ વો મંઝિલ તું હે,*
*મરકઝીયત તુઝે કિસ તરહ ન હાસિલ હો અલી, સારી દુનિયા કી તડપ જિસમેં હે વો દિલ તું હે.*

**સવાલ-૨ : કુરઆને કરીમમાં મીસાકની કૈફીયત કઇ તરહ બયાન થયેલી છે ?**

**જવાબ** : મીસાકનો લફ્ઝ અરબીના અસલ લફ્ઝ "**વસકા-યસેકો**" પરથી લેવામાં આવો છે. "સેકત" યાઅની ભરોસાપાત્ર. "મીસાક" એને અપાય કે, જેના ઉપર એઅતેમાદ-ભરોસો હોય. કુરઆને કરીમમાં અલ્લાહતઆલા ફરિશ્તાઓનો મીસાક લે છે, નબીઓનો મીસાક લે છે અને નબી પોતાના ઝમાનના મુમેનીન મરદો-બૈરોનો મીસાક અને બયઅત લે છે એની બેશુમાર આયતો આવેલી છે. મીસાક આમ યા તેમ થતો નથી ! પણ મીસાકને, તેના લેનારના હાથમાં હાથ આપીને અપાય છે, જેને "**સફકત**" યા "**શપથ**" કહેવાય છે.

*હક્ક ને ચાહા તો કભી ફર્ક ન ઝર્રા હોગા, મિસ્લે આઈને કે દિલ અપના મુસફ્ફા હોગા,*
*અપના અય અલવી હે મઝહબ યહીં ઈમાન યહીં, જબ કહા મૂઁહ સે "નઅમ" ફિર ન કભી "લા" હોગા.*

**સવાલ-૩ : મીસાકની તારીખ શું છે ?**

**જવાબ** : રોઝે અઝલથી અને કાએનાતની પૈદાઈશથી મીસાક જારી અને સારી છે. આઅલા રૂત્બાના સાહબ અદના દરજાના શખ્સનો મીસાક લે છે તેથી મીસાક ઉપરથી નીચે તરફ આવે છે. જયારે આઅલા અદનાનો મીસાક લે તો એની માઅના એમ સાબિત થાય છે કે, નીચેનાને ઉપરવાલા ની ઈતાઅત, ખિદમત અને પૈરવી કરવી લાઝિમ થઈ જાય છે. જો આ ચીઝ ન કરે તો નાફરમાની કહેવાય અને જયાં નાફરમાની આવી ત્યાં ગુમ્રાહી આવી જાય છે. ઉપરના સાહબ જે મીસાક લે છે તે પોતાની મનમાની યા હવાનફસીથી નથી લેતા પણ ઈલાહી ફરમાનને માતહત લે છે. **યદુલ્લાહે ફૌકા અયદીહિમ**, - "એ લોગોના હાથને ઉપર અલ્લાહનો હાથ છે અલ્લાહના હાથનો મતલબ ઝમીન પર તેના હુજ્જત અને નાઈબે ઈમામનો છે."

*કાલિબ કો શરફ કયા હે અગર જાન નહીં, જિસમે કે નહીં અક્લ વો ઈન્સાન નહીં,*
*બેકાર હે ઝોહદો વરઓ સૌમો સલાત, સાબિત નહીં મીસાક તો કુછ કામ નહીં.*

**સવાલ-૪ : અપના અકીદામાં મીસાકની શું એહમીયત છે ? ગૈર જમાઅતમાં મીસાકનો વુજૂદ કયા સબબથી નથી ?**

**જવાબ** : અલ્લાહતઆલાએ નબીને મબ્ઊસ કીધા, જિબ્રઈલ (અ.સ.) ના ઝરીએ વહ્ય મોકલી અને તે બાદ કુરઆન ની આયતો-સૂરતો નાઝિલ થાતી રહી અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) લોગોને દરમિયાન તે પઢતા ગયા અને સમઝાવતા ગયા, તેથી નબીનું જોડાણ કિતાબના સાથે થયું અને કિતાબનું નબીના સાથે. એક બીજા બગૈર બન્ને અધુરા! આ સિલસિલો અલ્લાહની કિતાબમાં, આયતે શરીફાહમાં જારી રહ્યો કે, જેમાં ઈરશાદ કરવામાં આવો કે, હમેં હર ચીઝને જોડકામાં પૈદા કીધેલા છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આપની રિસાલતના દૌરાન અને આપના ઈન્તેકાલ પહેલા ગદીરે ખુમ્મના મૈદાનમાં હઝારો હુજ્જાજની હાઝિરીમાં કુરઆનને અહલુલ બૈત અને

*(બકીયાહ પેજ નં. ૧૨ પર)*

**લોગોમાં અલ્લાહનો ઝિયાદહ શુક્ર કરનાર તે છે જે લોગોનો ઝિયાદહ શુક્ર કરશે.**

*(પેજ નં. ૧૧ નું બાકી)* ***મદીનતુલ મસાઈલ....***

આપની આલ (સ.અ.) સાથે જોડા. જેના સબબ આપની ગૈર મૌજૂદગીમાં કુરઆન યા અહલુલ બૈત અધુરા ન રહે. આપે અહલે ઈસ્લામને તે હદ તક તાકીદ કીધી કે, જો અગર આ બેવે ને કોઈ પકડી રાખે તો હરગિઝ ગુમ્રાહ નહી થાય, અને આ બેવે જન્નતમાં આવીને આપ ને મીલશે. **આ એક યકીનની વાત છે અને કલામે નબવી છે. તેથી તેની હકીકત અને સચ્ચાઇમાં કોઇ શક ની ગુંજાઇશ નથી.** આપ (સ.અ.વ.વ.) બાદ, ઈતરતના સાહબના રૂએ મૌ.અલી (અ.સ.) પધારા અને તે બાદ ઈમામ હસન તેમજ ઈમામ હુસૈન (અ.સ.) પધારા. આ ત્રણે સાહબો અલ-ખમ્સતુલ અત્હાર પંજતને પાક (અ.સ.) માંથી છે. આલે મોહંમદના જૌહર છે. કુરઆનના જોડીદાર છે. કુરઆન આ સાહબો બગૈર નાકિસ અને અધુરા છે. કુરઆનને બોલાવનાર આલે મોહંમદ છે. લોગોએ ગદીરની મજલિસના ઈકરાર બાદ મૌ.અલી અમીરૂલ મુમેનીન સાથે ધોકેબાઝી કીધી, હક્કથી ફીરી ગયા. કુરઆનના જોડીદારને મુકી દીધા. કુરઆનની અસલી હિદાયતો તાલીમને પીઠ પાછલ નાંખી દીધી. બીજાઓના દામનને પકડા. શરીઅત-દીનને હાથથી છોડી દીધું, હલાલને હરામ કરી દીધું અને હરામને હલાલ કરી દીધું. સિરાતે મુસ્તકીમથી ભટકા. આ તરફ ઈમામે હક્ક સાથે મુઠ્ઠીભર લોગો હતા, બીજી તરફ બનાવટી આલિમો, ઉમ્મતની ઈમામતના દાવેદાર બની ગયા. એના ફંદામાં લોગો આવી ગયા. **હક્કના ઇમામોએ કુરઆનની અસલી સમઝ પોતાના ખાસ શીઆ અને મુઅતકેદીનને આપી.** આ લોગો રાહે હિદાયતના તલબગાર હતા, આલે મોહંમદ (સ.અ.) ના હામી હતા, શરીઅતે પાકના પાબંદ હતા, તેઓએ હક્કના ઈમામને મીસાક આપો અને ઈમામોએ આમ-જાહિલ-ગુમ્રાહ લોગોથી પોતાના આ હકીકી સાચા માનનારાઓને ચૂની લેવા મીસાકની ખાસ શરતો અને કાનૂનને બનાવા જે મીસાક, બયઅત યા અહદ જેવા કુરઆની લફઝો પર મબ્ની હતા.

*મુબારક હો મુબારક તુમ કો મીસાક, વલાયત ઔર અકીદત કા હે મીસાક,*
*ઊસી કી ઝિંદગી હોતી હે કામિલ, જો અપને દાઈ કો દેતા હે મીસાક.*

સિલસિલએ ઈમામતે અલવીયાહ ફાતેમીયાહના એક ઈમામ ન ગુઝરે કે બીજા નસ-બ-નસ કાઈમ થાય. મસ્નદ પર આવનાર ઈમામ એના ઝમાનના લોગોનો મીસાક લેતા. ગદીરે ખુમ્મના વાકેઆ બાદ ઈમામ હસન (અ.સ.) એ અલલ એલાન શહરે કૂફામાં અને મૌ.ઈમામ હુસૈન (અ.સ.) એ મદીનામાં શરીઅતના અહકામની તાઅમીલની યાદ તાઝા કરીને વલાયતે ઈમામનો મીસાક લીધો. બીજી તરફ આમ લોગો જે ઝાહિરી તૌર પર જ કુરઆનને માનતા હતા, એ લોગોએ પહેલા-બીજા-તીસરા ખલીફા અને અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) ને અહદ-બયઅત આપા પણ મોઆવીયાહ મક્કાર, જાહિલ, કાફિર, મુલહિદ અને દુશ્મને અહલે બૈત નીકલવાના સબબ આમ લોગોમાં આ સિલસિલો ખોટકાઈ ગયો. થોડાઓએ જાનના ડર અને ખૌફથી બયઅત તો આપી, મગર મોઆવીયાહની મૌત બાદ તેના ફરઝંદે જહન્નમી શરાબી, કબાબી, જુવારી, ફાસિક, ફાજિર, શબાબી યઝીદ લઈનને કોણ બયઅત આપે? પછી તો ખલીફાઓનો સિલસિલો પણ બાકી ન રહ્યો કે, જેઓને લોગો દુનિયાવી બાદશાહ સમઝીને પણ તાબેઅ થાય ! તો આજે ઝાહિરના લોગો અને અવામ કોણે બયઅત આપે ? જે મસ્જિદના ઈમામો જ બીજાની રહેમ નઝર અને કરમનવાઝી પર નમાઝની તવલ્લી કરતા હોય, જેના આલિમો એક મસ્જિદમાં અગર આજે ફત્વો આપે, તો તેના જ આલિમો કોઈ બીજી મસ્જિદમાં એ ફત્વાને રદ-બાતિલ કરી નાખે !

*દાઈ કા જો ફરમાન હૈ, વો દૌલતે ઈમાન હે, વો માઅનીએ કુરઆન હે,*
*વો રહેમતે સુબ્હાન હે, હું મેં યે દાઅવત પર ફિદા, શુક્રે ખુદા શુક્રે ખુદા.*

અલવી ફાતેમી ઈમામતનો સૂરજ આજે પણ આસમાનમાં રોશન છે. એક સૂરજ ના ગુરૂબ બાદ બીજા સૂરજ તુલૂઅ થાતા જ રહે છે અને આ સિલસિલો કયામતના દિન તક જારીયાહ-સારીયાહ રહેશે. **મીસાક અને બયઅત હર ઝમાનમાં ઇમામ યા નાઇબે ઇમામ યા દાઇ યા માઝૂન યા મુકાસિર યા રઝાના સાહબ જ લઇ શકે છે,** કે જેને ઈમામુઝઝમાન (અ.સ.) સાથે રૂહાની ઈત્તેસાલ હોય અને તાઈદના સબબનું

*(બકીયાહ પેજ નં. ૧૩ પર)*

**શયતાન, ફરઝંદે આદમમાં દોડે છે જેમ એનું ખૂન એના જિસ્મમાં દોડે છે.**

*(પેજ નં. ૧૨ નું બાકી)* ***મદીનતુલ મસાઈલ....***

જાડાણ હોય. ઈસ્માઈલી તૈયેબી અકીદા મુજબ હર ઝમાનમાં દીનદાર લોગો પર ઝમાનાના ઈમામને મીસાક આપવું લાઝિમ અને વાજિબ થાય છે. તો જે સિન્ને બુલૂગ પર પહોંચા બાદ હક્કની દાઅવતના દાએરામાં દાખિલ થાય તેનું જોડાણ ઈલ્મ અને નૂરના ઝરીએ હક્કના ધણી સાથે થાય છે. આ ઈલ્મ અને નૂરના સાહબ ઝમાનામાં એક જ હોય છે, જેને સાથે મીસાક આપનાર મુમેનીનની વલાયત અને અકીદત વાબિસ્તા હોય છે. મીસાકનો મતલબ જ એ થાય છે કે, મુમેનીન પહેલા તબર્રા કરે પછી તવલ્લા કરે. તબર્રા એટલે મીસાક આપનાર પર ઝરૂરી બને છે કે જે શર, ખરાબ, નાપાક, ગુમ્રાહ અને હરામ ચીઝો યા લોગો હોય એનાથી દૂર થાય, સાથ છોડી દે, કોઈ રિશ્તો ન રાખે. એમ કરવાથી એનું ઝહેન, અક્લ, વિચારો, અમલ, ઈમાન અને અકીદા-ચુસ્ત, પાક અને કામિલ થઈ જાય છે. પછી તવલ્લા કરે એટલે અલ્લાહના વલી જે મીસાકના સાહબ છે તેના દામનમાં જાય, દાએરામાં દાખિલ થાય, દાઅવતને કુબૂલ કરે, હક્કને સમઝે અને ઈલ્મો અમલ સાથે શરીઅતની ડગર પર કદમ મૂકે. કલેમતુશ શહાદત **"લા ઇલાહા ઇલ્લલ્લાહ"** માં પહેલા ઈન્કાર છે પછી અલ્લાહનો ઈકરાર છે. આ જ બુનિયાદ પર મીસાકનો દારોમદાર છે.

*અય ખાલિકે અરઝો સમા, અય માલિકે રૌઝે જઝા, અય દાફએ રંજો બલા,*
*અય શાફએ હર દોસરા, દાઅવત મેં દે સિદકો વફા, શુક્રે ખુદા શુક્રે ખુદા.*

**સવાલ-૫ : મીસાકને તોડવો-અહદ શિકની કરવી અને મીસાકને નવા (તજદીદ) કરવાની શું સમઝ છે ?**

**જવાબ** : મીસાકના તોડનાર પર કુરઆને કરીમમાં ફીટકાર વરસાવવામાં આવેલી છે. જે કોઈ મીસાકને તોડે તેનું નુકસાન તેની જાનને ભરપાઈ કરવું પડશે અને જે કોઈ મીસાકને વફાદાર રહે, જે તેએ અલ્લાહને આપેલો છે તેને અજરે અઝીમ આપવામાં આવશે. ઘણી ઈન્સાફની વાત છે કે, મીસાક લેનારો જ ઝિયાદહ જાણે છે કે, જે શરતો અને કૌલો ઈકરાર મુજબ મીસાક આપનારે વચન આપેલું તેને કયા મોડ પર અને કયા બહાનાથી તેએ મીસાકને તોડેલો છે ?

*યે નેઅમત કા મેહશર મેં હોગા હિસાબ, ખુદા ઉસકા ઉમ્મત સે લેગા જવાબ,*
*રખો પાક ઐબોં સે દામાન કો, નસીહત હે યે અહલે ઈમાન કો.*

દુનિયાના ઊમૂરમાં અહદો-મુઆહેદો જો નાબૂદ થાય છે તો તે એગ્રીમેન્ટ જ્યાં તક તાઝા કરાતું નથી, ત્યાં તક કોઈ વેહવાર કે લૈનદૈન આગલ ચાલતો નથી. આ અદબ-ડીસીપ્લીન દુનિયાના માલી-નાણી લેવડ-દેવડમાં હોય તો જાની-દીલી અહદ-મીસાકમાં કેટલી સખ્ત-તરીન હોવી જોઈએ. આખેરતની ઈસ્લાહ અને એનો દારોમદાર આજ પયમાન-અહદ પર આધાર રાખે છે. અહદ લેનારો અગર અહદ આપનારને પોતાની ઝબાનથી કહે કે, તમારા ચાલચલણ, શરીઅતની પાબંદી, ઝબાન અને દિલથી વફાદારી, હક્કના સાહબ તરફ તૌકીરો અઝમત, ઈસ્માઈલી-તૈયેબી અકીદા મુજબ અમલો-રસ્મની અદાયેગી, આમાં ખોટ અને કુસૂર વાકેઅ થયા છે, તો મીસાક આપનાર પર તેની ચીઝ સાબિત કરવા કોઈ હુજ્જતો દલીલ બાકી રહેતી નથી. તે પોતાની સફાઈમાં એ વાત ઉપર અડગ રહે કે, હું તો આપનો મોહિબ્બ છું, આશિકે સાદિક છું, સાચો માનનાર છું, અસ્લી હુસૈની-તૈયેબી છું, આપનો શક બેજા છે, પણ મીસાક લેનારના દિલમાં શક-શુબહ હોય કે, તમારી સફાઈમાં ઈખ્લાસ નથી, **હમેં નૂરના સાહબ છે અને નૂરની પારાશીશીથી હમારા માનનારાના દિલમાં ઇમાનની હાલાતનો અંદાઝો લગાવી શકીએ છીએ,** તેથી તમને મીસાક આપવો જોઈએ. તો મીસાક આપનાર પર ફરઝ બની જાય છે કે, એ હબ્લુલ્લાહિલ મતીનને મઝબૂત કરી લે, ઉરવતિલ વુસ્કાને બરાબર પકડી લે, હક્કના સાહબ સાથે રૂહાની રિશ્તાને ઉસ્તવાર કરી લે.

*પયમ્બર સે કાઈમ શરીઅત હુઈ, અલી સે યે રોશન જમાઅત હુઈ,*
*દોઆતોં સે બાકી યે ઈમાઁ કા નામ, ખુદાને કહા જિનકો હર દમ સલામ.*

*(બકીયાહ પેજ નં. ૧૪ પર)*

**મોટી ભલાઈ એ છે કે ફરઝંદ એના બાવાજીના ગુઝરી જાવા બાદ એના મોહિબ્બો સાથે ખુશ સુલૂક કરે.**

## –::: આઈનએ દરસે તૈયેબી :::–

✤ અલ્લાહતઆલા ફરમાવે છે કે, તમેં ભલાઈને હરગિઝ હાસિલ નહીં કરો, જહાઁ તક તમેં તમારી મેહબૂબ-તરીન ચીઝને, ખૂબ મનગમતી ચીઝને અલ્લાહની રાહમાં ખર્ચશો નહીં. ઈન્સાનને પોતાની મનપસંદ ચીઝથી દિલી લગાવ હોય છે. તે ચીઝને બીજાને આપવું એના વાસ્તે ખૂબ દુશ્વાર હોય છે. હર વક્ત એ એમ કોશિશમાં રહે છે કે, તે ચીઝ એના કબ્ઝા-કાબૂમાં રહે. મગર ભલાઈ તો એમાં છે કે, જે ચીઝ કોઈ પોતાના વાસ્તે પસંદ કરતો હોય તેને બીજા વાસ્તે પણ પસંદ કરે. ભલાઈની બુનિયાદ જ બીજાના દિલમાં ખુશીને દાખિલ કરવું છે. અંબિયા-ઔસિયા (અ.સ.) ને અબ્રાર (ભલા લોગો) એટલા વાસ્તે જ કહેવાય છે. તેઓએ પોતાની પૂરી ઝિંદગી મુમેનીનની ભલાઈ અને બેહતરીમાં વકફ કરી દીધી. મૌલાના અલી (અ.સ.) નો લકબે ખાસ **સૈયેદુલ અબ્રાર** છે, યાઅની ભલા લોગોના સરદાર.

✤ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, તમને જો હસનત અને ભલાઈ જોઈતી હોય, અલ્લાહતઆલાથી નઝદીકી-કુરબત હાસિલ કરવી હોય તો ૪ ખસલતો ઈખ્તિયાર કરો : (૧) અલ્લાહની હર **નેઅમત પર શુક્ર** ના કલામ અદા કરો. (૨) સાઈલને જે બને તે **સદકો** આપો. છુપી રીતે આપો. સાઈલને બને ત્યાં તક રદ ન કરો. (૩) **શરમ-હયા**નું દામન પકડીને રાખો. તમારી તબીઅતમાં શરમ હશે તો ખૈર અમલથી તમને સુકૂન મીલશે અને બદ અમલ કરવાથી તમેં દૂર રહેશો. શરમ તો બૈરોનું આઅલામાં આઅલા ઝૈવર છે, જેમ અક્લ-તેહઝીબ મરદોનું ઝૈવર છે. (૪) **શરીઅતના હલાલ-હરામને** નઝરના સામે રાખો. શું કરવું અને શું ન કરવું તેનો હોશ જો તમારામાં હશે તો કોઈ વક્ત તમેં રાહે હક્કથી ભટકી નહીં જાવ.

✤ "ભલાઈ" ને અરબી ઝબાનમાં **"બિર્ર"** કહે છે. જેના અદદની ગિન્તી **"૨૦૨"** થાય છે અને બિર્ર ને પલટાવવાથી "રબ" થાય છે, જેની ગિન્તી બિર્ર જેટલી જ છે. હવે તમામ જાણે છે કે, "મોહંમદ" ના અદદની ગિન્તી **"૯૨"** છે અને **"અલી"** ની ગિન્તી **"૧૧૦"** છે. આ બેવે આંકડાને મીલાવીએ તો **"૨૦૨"** થાય છે. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) અને મૌલાના અલી (અ.સ.) એ તન્ઝીલો તાવીલ સાથે હમને જે કામિલ દીન અને શરીઅતે તામ્માહથી અહલે ઈમાનને નવાઝેલા છે તે ઝરૂર હમને નજાત અને ભલાઈના રસ્તા પર લઈ જાય છે. આ બન્ને સાહબો, એક સાહબે રિસાલત અને બીજા સાહબે વસાયતના ઝરીએ જ હમેં ભલાઈને પામી શકીએ છીએ અને ભલાઈ મીલવાથી હમેં હમારા રબ તક પહોંચવાનો હક્ક રાખીએ છીએ. જે કોઈ નબી અને વસીની માઅરેફત કરવામાં, દરજાને ઓલખવામાં ઝર્રા બરાબર પણ કુસૂર કરશે ને ભલાઈના રિશ્તાથી બરી છે, છુટો છે અને જો આ રિશ્તો જ ન રહે તો ખુદાતઆલાના રિશ્તાનો તો સવાલ જ પૈદા થાતો નથી !

**દરસે તૈયબી** : નૂરાની મસ્જિદમાં : **મંગલવારે** (રાતે ૭:૩૦ વાગે) / તૈયેબી મસ્જિદ : **બુધવારે** (રાતે ૮:૦૦ વાગે). ★

*(પેજ નં. ૧૩નું બાકી)* ***મદીનતુલ મસાઈલ....***

આ રિશ્તામાં જાના-અંજાનામાં કોઈ તૂટ ન પડે, ઉલઝનની ગાંઠ ન બંધાય, નિફાકીના ખદબદતા કીચડમાં મુમિનનો જાન લોથપોથ ન થાય તેના વાસ્તે અપના પાક ઈમામો અને દોઆતો (રિ.અ.) ઈદે ગદીરે ખુમ્મના મૌકા પર વલાયતને તરો તાઝા કરવા અને **મીસાકની ઇબરતઆમૈઝ હકીકતોને મુમેનીનના દિલોમાં ઝિંદા કરવા મીસાકની રસમ જારી કીધેલી છે.** જેમ અલ્લાહનો ખાકસાર બંદો શહાદતનો કલેમો પઢીને મુસલમાન હોવા છતા હરરોઝ પાઁચ વક્તની અઝાનમાં એ જ શહાદત ના કલામો દોહરાવે છે, ફરઝ-સુન્નત-નાફેલતની રકાતોની ગિન્તી મુજબ એક જ દિવસમાં ૫૧ વક્ત સૂરએ ફાતેહા પઢે છે તેમજ વારંવાર વજ્હતો, નાનો-મોટો તશહહુદ, તસ્બીહો પઢે છે અને હર નમાઝ પહેલા વુઝૂને નવી કરે છે, ઝરૂરત મુજબ નાપાકી દૂર કરવા ગુસ્લ કરે છે, બયતુલ ખલામાં જાતી-નીકલતી વક્ત શયતાનથી દૂરી વાસ્તે અલ્લાહની પનાહ માંગે છે અને હર મોડ પર અલ્લાહતઆલા સાથે બીજા આઅમાલમાં પોતાનો અહદ તાઝા કરે છે. લેહાઝા મુમિન બંદો અલ્લાહના હુજ્જત અને ઝમીન પર ઈમામના નાઈબ ને પોતાનો અહદ આપીને, પોતાના આઅમાલનામા માંથી નાપાકી-કુદૂરતને નીકાલીને એને સાફ કેમ ન કરી લે ! તો હર ઈમાનદારને હર સાલ પોતાના રૂહાની બાવાજી દાઈયુલ્લાહિલ અમીનને મીસાક આપી ખુદના આઅમાલને દુરૂસ્ત કરી લેવા જોઈએ. ★

**હરએક ઉમ્મત વાસ્તે ફિત્નો છે અને ઉમ્મતે મોહંમદી વાસ્તે ફિત્નો, માલ છે.**

## હિકમતના લોગો વાસ્તે –::: "હકીમસાબ" ના નુસ્ખા :::–

**BREAST FEEDING - રઝાઅત - બચ્ચાં ને માઁ નું દૂધ પીવડાવવું.**

* અલ્લાહતઆલા કુરઆને કરીમમાં સૂરતુલ બકરાહ ની ૨૩૩ મી આયતમાં ફરમાવે છે કે " **જનમ આપનારી માઁઓ એને બચ્ચાઓને પૂરા બે સાલ તક પોતાનું દૂધ પીવડાવે** - રઝાઅત કરાવે, ઝિયાદહ નહી અને બે સાલ પહેલા ખુશી થી દૂધ છોડાવે તો એમાં કોઈ હરજ નથી."
* રઝાઅત કરાવવું એ બચ્ચાના ઈબ્તેદાઈ મરહલા, યાઅની Fundamental Mental & Physical Growth વાસ્તે ઘણું ઝરૂરી છે. જે વાતનો ઈસ્લામમાં કુરઆને કરીમના ઝરીએ અલ્લાહતઆલાના કૌલની શિકલમાં હુકમ થયો છે. તે વાતને આજનું Science સાબિત કરી રહ્યું છે.
* મોટા ભાગના Paediatricians ની સલાહ એ જ હોય છે કે, પહેલા ૬ મહીના તક બચ્ચાને માઁ ના દૂધ સિવાય કોઈ પણ ચીઝ આપવી નહી. પહેલા ૬ મહીના વાસ્તે માઁના દૂધના ઝરીએ બચ્ચાને તમામ ઝરૂરી ચીઝો હાસિલ થાય છે.
* Modern Lifestyle અને આ Fashion ના ઝમાનામાં માઁઓ પોતાના નૌમૌલૂદ બચ્ચાને પોતાનું દૂધ આપવામાં કતરાઈ છે અને એ ચીઝ થી બાઝ રહે છે. એ બૈરાઓનું એમ કહેવું છે કે, Breast Feeding કરાવવાથી તેમના Routine માં ખલલ પડે છે. આજના ઝમાનામાં ઘણા બૈરો Job કરતા હોય છે, જેના સબબ પોતાના બચ્ચાને પૂરતો વકત આપી શકતા નથી અને ઘણા કમ વકત વાસ્તે દૂધ આપી ને ચંદ મહીનાઓ માં છોડાવી દે છે. આ માઁઓ એ વાત ને નઝર અંદાઝ કરી જાય છે કે, માઁના દૂધના સબબ બચ્ચાને સેહત મીલે છે અને Growth થાય છે. એટલું જ નહી, મુકમ્મલ વકતને વાસ્તે બચ્ચાને દૂધ આપવાથી પોતાના જમાલ અને દેખાવમાં પણ ઈઝાફો અને વધારો થાય છે.
* Breast Feeding ના ફાયદાઓ જે આજે Science એ સાબિત કીધેલા છે અને જેની બિના અને Foundation કુરઆને કરીમની આયતે કરીમા છે તે આ મુજબ છે :

  (1) Carbohydrate :- માઁ ના દૂધમાં Lactose નામનુ Carbohydrate ઘણી ઝિયાદહ મિકદારમાં હોય છે જે Calcium ને જઝબ કરવામાં મદદ કરે છે. Lactose ના સબબ બચ્ચાંના આંતરડામાં "Healthy Bacteria" નો Growth થાય છે, જે પાચન વાસ્તે ઝરૂરી છે.

  (2) Proteins :- માઁ ના દૂધમાં Protein ઘણું કમ હોય છે. સબબ કે બચ્ચાં માં Protein ને પચાવવાની તાકત ઘણી કમ હોય છે. માઁ ના દૂધમાં Lactalbumin & Lactglo Bulin નામના Proteins હોય છે, જે પચવામાં ઘણા આસાન હોય છે. માઁ ના દૂધમાં Amino Acids જેવા કે Taurine & Cysteine હોય છે, જે બચ્ચાની Nervous System ના Growth વાસ્તે ઘણા ઝરૂરી હોય છે. Milk Formula યા ગાય યા બીજા દૂધમાં આ Amino Acids હોતા નથી.

  (3) Fats :- માઁ નું દૂધ Polyunsaturated Fatty Acids થી ભરપૂર હોય છે જેના સબબ બચ્ચાની Nervous system મઝબૂત અને મુકમ્મલ બને છે. આના અલાવા Omega 2 & 6 Fatty Acids પણ હોય છે જે Cholesterol અને બીજા ઝરૂરી Protein બનાવવામાં મદદ કરે છે.

  (4) Vitamins & Minerals :- માઁ ના દૂધમાં Vitamins અને Minerals ની ઝરૂરી મિકદાર હોય છે તે બચ્ચાના પહેલા ૬ મહીના ના Growth ને વાસ્તે Complete અને મુકમ્મલ હોય છે.

  (5) Water & Electrolytes :- માઁ ના દૂધમાં ૮૮% પાની હોય છે, આના જ સબબ બચ્ચાને પહેલા ૬ મહીના વાસ્તે પાની આપવાની પણ ઝરૂરત રહેતી નથી. માઁ ના દૂધમાં બધા જ ઝરૂરી Electrolytes મૌજૂદ હોય છે જે એના Normal Groth ને વાસ્તે કાફી છે.

  (6) Immunity :- માઁ ના દૂધમાં એવી ઘણી ચીઝો જેવી કે IgA, Macrophages,

*(બકીયાહ પેજ નં. ૧૬ પર)*

**જે શખ્સ ઈલ્મને તલબ કરે તો અલ્લાહ એના રિઝક નો ઝામિન થાય.**

(પેજ નં. ૧૫ નું બાકી) ***હકીમસાબ ના નુસ્ખા....***

Lymphpcytes, Interferous વગૈરા હોય છે જે બચ્ચાની Immunity ને મઝબૂત કરે છે. જે બચ્ચાએ બરાબર મિકદારમાં માઁ નુ દૂધ લીધું હશે તેને Bacterial Infections થાવાના Chances ઘણા કમ થાશે.

(7) માઁ નું દૂધ પીધેલા બચ્ચાઓને એની પાછલી ઝિંદગીમાં બીજી બીમારીઓ જેવી કે, Diabetes, દિલની બીમારી વગૈરા થાવાના Chances ઘણા કમ હોય છે. એવા બચ્ચાઓ Allergies, Ear Infection અને દાંતની તકલીફોથી હિફાઝતમાં રહે છે.

(8) Mental Growth :- Breast-Fed બચ્ચાઓનું IQ બીજા Formula-Fed બચ્ચાઓ કરતા ઝિયાદહ હોય છે અને તે બચ્ચાઓ પોતાના માઁ સાથે મઝબૂત માનસીક રિશ્તો કાઈમ કરે છે.

(9) Breast Feeding કરાવતી માઁ ને વાસ્તે ફાયદાઓ :- Delivery પછી ગર્ભાશય ને દોબારા બરાબર Shape માં કરવામાં મદદ કરે છે. Breast Feeding કરાવવાથી Fat-Mobilization થાય છે અને માઁ ની ખૂબસૂરતી અને Figure બરાબર થાય છે. Delivery પછી થતા Bleeding રોકવામાં મદદ કરે છે. Breast-Cancer થાવાથી રોકે છે.

(10) Breast Feeding એ માઁ અને બચ્ચાને વાસ્તે સહુલત ભર્રૂ છે, સબબ કે જે વકત પણ બચ્ચાને તલબ થાય તે વકત માઁ પોતાનું દૂધ બચ્ચાને આપી શકે છે. રઝાઅત કરાવવાથી બચ્ચા અને માઁ ને દરમિયાન મોહબ્બત અને Bondage કાઈમ રહે છે જે બચ્ચાના Mental Growth વાસ્તે ઘણું ઝરૂરી છે.

(11) Delivery પછી નું પહેલુ દૂધ તે ગાઢું, પીલું આવે છે જેને Colostram કહેવાય છે. આ દૂધ બચ્ચાને Without Fail આપવું સબબ કે, આ દૂધ બચ્ચાને અને એની Immunity ને વાસ્તે બેહદ મુફીદ હોય છે.

(12) દૂધ ઓછુ આવવાના યા ન આવવાના કારણો :

- બચ્ચાને Bottles યા Nipples યા બીજી ચીઝોની આદત પાડવી.
- બચ્ચાને Feeding આપવામાં તાખીર યા વાર કરવી.
- દૂધ સિવાયની ચીઝો જેવી કે, ઘસારો, મધ, ઉપરનું દૂધ, ઘી ચટાડવાનું યા માર્કેટમાં મલતા Formulas આપવા.
- Breast Feeding ના વકત Oral Contraceptive Pills લેવી.
- માઁ ની દૂધ પીવડાવવાની જગહ (Nipples) માં Infection થવું યા દરાર પડવી યા છોલાઈ જવી.

✱ હોમીયોપેથીમાં માઁ નુ દૂધ વધારવાની અકસીર દવાઓ મૌજૂદ છે. બીજી બાઝારની દવાઓ થી Side Effect થતો હોય છે જે હોમીયોપેથી ની દવાઓમાં થાતો નથી. હોમીયોપેથીમાં બેવે ચીઝોની; દૂધ વધારવાની અને સુકાવવાની દવાઓ છે જે માઁને યા બચ્ચાને કોઇ તકલીફ પહોંચાડતી નથી.

✱ આ ચીઝના સિલસિલામાં વધારે માહિતી જોઈતી હોય તો ઝાતી તૌર પર ડોકટરની મુલાકાત વાસ્તે લઈ જાવાની ઝરૂરત પૈશ આવે તો ડોકટર સાહબના મો.નં.: ૯૯૨૫૮૪૪૫૯૯ પર એપોઈન્ટમેન્ટ લઈ શકાય છે. ★

✱ **આજવા રોડ** પર કલીનીકનો વકત :
જુમોઆ : સાંજે ૫ થી ૭
રવિવાર : સવારે ૧૦ થી ૧૨
સરનામું : આરામ કલીનિક, તાજ કોમ્પ્લેક્ષ કમ્પાઉન્ડ, આજવા રોડ.

✱ **બદરી મોહલ્લા**, રાહત દવાખાનું :
જુમોઆ : સવારે ૧૦ થી ૧૧:૩૦

✱ **જહાંગીર પૂરા**, ધર્મજવાલા ફીઝીયોથેરાપી સેન્ટર
મંગલવાર : સવારે ૧૧ થી ૧
જુમેરાત : સવારે ૧૧ થી ૧ ★

**અલ્લાહ આખેરતની નિય્યત સાથે દુનિયા આપે છે અને એને તે મન્ઝૂર નથી કે .....**

## -::: ઝાહેર ખબર :::-


Ismat Madam's
**Genius Personal Tuition Class**
Std.10 : Sanskrit, Gujarati, Hindi
(Eng. & Guj. Medium)
**Ismat A. Gulabiwala (M.A., B.Ed.)**
103, Ali Chamber-1, Taiyebi Park,
Ajwa Road, Vadodara - 19.
M.: 9974405146 ★

**ઝૈનબીયા મોબાઈલ્સ**
જૂના તથા નવા મોબાઈલની લે-વેચ કરનાર.
દરેક પ્રકારના મોબાઈલ રિપેરીંગ કરી આપવામાં આવશે.
ડાઉનલોડીંગ, ફ્લેશીંગ તથા અનલોકીંગ વાસ્તે મીલો...
**અદનાન મુસ્લીવાલા**
મુસ્લીવાલાની ગલીમાં, મરકઝે હુસૈની હોલ,
બદરી મોહલ્લા, વાડી, વડોદરા-૧૭.
મો.: ૯૭૨૭૫૫૭૦૫૨. ★


## -::: બીમારીમાં કરવાની તસ્બીહ :::-

**"અલ્લાહુમ્મા આઅઝિમલી અજરી ફી મુસીબતી ફઅવ્વિઝની ખૈરમ મિન્હો ફિદ દુનિયા વલ આખેરા"**

અય રબ્બિલ આલમીન મારા અજરને મારી મુસીબતમાં તું મોટો કરજે અને દુનિયા તથા આખેરતમાં એના કરતા ખૈર બદલો ઈનાયત કરજે. ★

## -::: ૬ ચીઝો :::-

સાલેહીનનો કૌલ છે કે, ૬ ચીઝોની પાબંદીની તાકત બંદો નથી રાખતો જહાઁ તક એનો નફસ-જાન પાકીઝા નથી હોતો.

(૧) નેઅમતના ઝાહિર થાવા પર કદમને થરીથામ રાખવા.
(૨) અઝીમ મુસીબત આવવા પર સબરથી કામ લેવું.
(૩) જાનને અકલની સોચ તરફ તે વકત ખેંચવી જે વકત જિસ્માની શેહવતોનો શૌક વધી જાય.
(૪) દોસ્તો અને દુશ્મનોથી મખ્ફી વાતને છુપાવવી.
(૫) ઝબાન પર કાબૂ રાખવો.
(૬) બદઅખ્લાક પડોશીઓને નીભાવવા. ★

## -::: તસ્હીલુન નિસ્બત :::-
### નિસ્બતને સહેલ કરવાની તદબીર

આ કોલમમાં નિસ્બત વાસ્તે અરઝ આપવી હોય તો રૂબરૂમાં લેખિતમાં હમારૂં ફોર્મ ભરીને ભાઈસાહેબ કમ્બરઅલી ભાઈ (ન્યૂ ઓપ્ટીક હાઉસ, ચોખંડી) ને આપવાની રહેશે. અરઝદાર જો પોતાની અરઝને નામ સાથે છાપવા માંગતા હોય તો એ પણ હમેં કુબૂલ કરીશું. વડોદરાથી બાહર રહેતા મુમેનીન પોતાના રિશ્તેદારો ના ઝરીએ અરઝ આપી શકે છે. અરઝ આપવાનો હદીયો રૂા.૫૦/- મુકર્રર કરવામાં આવો છે. મહીનાની ૧૦ તારીખ પહેલા અરઝ મોકલવા મુમેનીનને દિલી ગુઝારિશ કરવામાં આવે છે. ★

## -::: ઝાહેર ખબર વાસ્તે :::-

હમારા અઝીઝ કારેઈનને આ ખબર આપતા ઘણી મસર્રત થાય છે કે, હવેથી મુમેનીન પોતાના વેપાર, દુકાન, કારખાના, ઘરેલુ હુનર, ફનકારી યા કોઈ સ્પેશીયલ આઈટમ બનાવવામાં કારીગરી રાખતો હોય તેની ઝાહેરાત - **Advertisement** "અલ-હાદી" અખ્બારમાં આપી શકશે. **Advertisement** ની પૂરી વિગત મહીનાની ૧૫ તારીખ પહેલા હમારા એડ્રેસ પર હમને મીલી જાવી જોઈએ.

| ઝાહેરાતની સાઈઝ : 3 x 2 Inches (Approx.) |
|---|
| 3 મહીના : 150/- Rs. |
| 6 મહીના : 300/- Rs. |
| 1 વરસ : 600/- Rs. ★ |

## -::: દરસે અલ્ફાઝ :::-

| | |
|---|---|
| મોહસિન | : એહસાન કરનાર, ખૂબસૂરત. |
| નુસરત | : મદદ, ફત્હ. |
| પૈશકશ | : હાઝિર કરવું, અરઝ કરવું, હદીયો, નઝરાનું. |
| હિમાયત | : તરફદારી, સાથ, મદદ. |
| હયબત | : રોઅબ, દહેશત. |
| ખાઝિન | : મુહાફિઝ, જમાઅ કરનાર. |
| નહેજ | : તૌર, તરીકો, રસમ. |
| સહર | : સવાર, ફજર. |
| જનાહ | : પંખ, પર, બાઝૂ. |
| તુલૂઅ | : સૂરજ-ચાંદનું નીકલવું, બલંદ થાવું. ★ |

..... દુનિયાની નિય્યત સાથે આખેરતને આપે.

## -::: ગુલ્શને ફિક્હ :::- દીને ઈસ્લામમાં જાઈઝ-નાજાઈઝની ઝિક્ર

### નમાઝ વાજિબ થાવાની ઝિક્ર

✤ અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, ઝરૂર નમાઝ મુમેનીન ઉપર એક વક્તે મુકર્રર પર ફરઝ કરવામાં આવી છે. અલ્લાહતઆલાના બીજા એક કૌલ **"ફઅકિમ વજહકા લિદ્દીને હનીફા"** વાસ્તે ઈમામ (અ.સ.) એ તફસીરમાં એમ ફરમાવું કે, તમેં બાતિલ-બુતપરસ્તીથી દૂર થઈને, એક તરફ થઈને ઈખ્લાસ સાથે દીનના વાસ્તે તમારા મૂઁહને સીધું રાખો, તવજ્જોહ કરો. અલ્લાહતઆલાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને અમર કીધો કે, આપના ચહેરા મુબારકને કિબ્લા સામે સીધો રાખે, બિલકુલ ખાલિસ દિલથી ઈબાદત કરે. એમાં બુત પરસ્તીની ઝર્રા બરાબર પણ નિશાની ન હોય.

✤ મૌલાના ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) ને સવાલ થયો કે, અલ્લાહતઆલાએ કેટલી નમાઝોને ફરઝ કીધેલી છે? આપે ફરમાવું કે, મુમિન પર રાત અને દિનમાં અલ્લાહતઆલાએ પાઁચ નમાઝો ફરઝ કીધી છે અને એની કિતાબ કુરઆને પાકમાં ફરઝોની નમાઝના નામ સાથે એના વક્ત પણ બતાવેલા છે. અરઝ થઈ કે, કુરઆનમાં એની ઝિકિર કયાં છે? આપે ફરમાવું કે, અલ્લાહતઆલા ફરમાવે છે કે, **"અકેમિસ સલાતા લે દોલૂકિશ શમ્સે એલા ગસકિલ લૈલે"**, યાઅની કે સૂરજના ઝવાલથી લઈને રાતના અંધારા થાવા તક નમાઝને કાઈમ કરો. સૂરજના **"દોલૂક"** નો મતલબ **"ઝવાલ"** નું થાવું છે, માથા પરથી સૂરજનું મગરિબ તરફ ઢલવું છે. ઝવાલ અને રાતના અંધારા થવા તક ચાર ફરઝો-નમાઝો છે એટલે ઝોહર-અસર, મગરિબ-ઈશાઈલ આખેરત. સૂરજના ઝવાલના વક્ત બે નમાઝો (ઝોહર-અસર) અને સૂરજના ગુરૂબ થાવા પર બે નમાઝો (મગરિબ-ઈશા) પઢવાનો હુકમ છે. રાતના **"ગસક"** નો મતલબ અડધી રાતનો છે, જેના પછી ઈશાની નમાઝ કઝા થઈ જાય છે.

✤ કુરઆનની આ જ આયતમાં ફજરની નમાઝની ઝિકિર છે, **"વ કુરઆનલ ફજરે ઇન્ના કુરઆનલ ફજરે કાના મશ્હૂદા,"** યાઅની કે ફજરની નમાઝને પણ કાઈમ કરો, બેશક ફજરની નમાઝ મશ્હૂદ છે જેમાં રાત અને દિનના ફરિશ્તાઓની હાઝરી રહે છે. આ પાંચમી નમાઝ છે.

✤ અલ્લાહતઆલા બીજી આયતમાં ફરમાવે છે કે, **"અકેમિસ સલાતા તરફયિન નહાર"** યાઅની કે, દિનના બેવે છેડામાં નમાઝને કાઈમ કરો. આ છેડાઓ મગરિબ અને ફજરની નમાઝના છે. **"વ ઝુલફમ મિનલ લૈલ"** યાઅની કે, રાતના થોડા હિસ્સામાં નમાઝ પઢો. આ નમાઝ ઈશાઈલ આખેરતની નમાઝ છે અને પછી અલ્લાહતઆલા ફરમાવે છે કે, **"હાફેઝૂ અલસ સલવાતે વસ સલાતિલ વુસ્તા."** યાઅની કે, તમેં નમાઝોની પાબંદી કરો અને ખુસૂસી રીતે તમેં વચલી નમાઝની પાબંદી કરો. આ વચલી નમાઝ હફતામાં યૌમુલ જુમ્આની નમાઝ અને રોઝ ઝોહરની નમાઝ છે. ઝોહરની નમાઝ તે પહેલી નમાઝ છે જે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ અદા કીધી અને આ નમાઝ દિનની બે નમાઝો ફજર અને અસરના વચમાં છે. ★

**જે શખ્સ અહલુલ બૈત (અ.સ.) ની મોહબ્બત કરવા ચાહે તો એને બલાની ચાદર તૈયાર રાખવી જોઈએ.**

**તમારો વક્ત, ખૈરને તલબ કરવામાં ગુઝારો.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૨૫૮૩૯૪૯.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★